# જૈન ગાયન સંગ્રહ.

## શ્રી પુના જૈન મીત્રમંડળ

તરફથી.


સંગ્રહ કરી છપાવી પ્રસીદ્ધ કર્ત્તા.

શા૦ મણીલાલ ફુલચંદ.

પુના સનવાર પેઠ નં૦ ૫૦૮

તથા

શા૦ મનસુખલાલ પ્રતાપચંદ.

પુના સદાશીવ પેઠ નં૦ ૫૨૮



આવૃતી પહેલી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૬૯. વીર સંવત ૨૪૩૯ સન ૧૯૧૩.

કીંમત બે આના.

[illegible] પ્રેસ પાયધુની નં૦ ૫૭૨ મુંબઈમાં

[illegible] ભગવાને છાપ્યું.

# જૈન ગાયન સંગ્રહ.

શ્રી પુના જૈન મીત્રમંડળ

તરફથી.

સંગ્રહ કરી છપાવી પ્રસીદ્ધ કર્ત્તા.

શા૦ મણીલાલ ફુલચંદ.

પુના સનવાર પેઠ નં૦ ૫૦૮

તથા

શા૦ મનસુખલાલ પ્રતાપચંદ.

પુના સદાશીવ પેઠ નં૦ ૫૨૮

આવૃતી પહેલી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૬૯. વીર સંવત ૨૪૩૯ સન ૧૯૧૩.

કીંમત બે આના.

ધર્મ વિજય પ્રેસ પાયધુની નં૦ ૫૭૨ મુંબઇમાં

હરજીવન ભગવાને છાપ્યું.

સુખ નાવ સંસારીરે. બેસે ભવજળ તારી.
નાનવાણી અમારી રે. સદાસે સુખકારી. આવ્યો.

### ગાયન ૧૮ મું.

### ( રૂડી રળીયાળી રાત. )

અલી અલબેલી આજ વાગ્યા તો વસીયે સમતા સંગમાં.
સારો સુમતી સમાજ રાખોજી વાલાને રસ રંગમાં,
રંગીરસીક ચેતન રસીયો વાલો વિવેકમાં વસીયો,
સેજ સારા સંગમાં. અલી.

સાખી—વીરતી પ્યારી વિલાસમાં, સુમતી સાહેલી સાથ,
ઉપસમ રસમાં ઉલસીયો, નિવૃત્તિ મળવા નાથ.

શાન્તી સુમતી મળી સખીઓ સાણી.
ભ્રાન્તી ને કુમતી ખસી ગભરાણી.

સાખી—ચીદાનંદ ઘનચંદ્રનો, પ્રગટીત થયો પ્રકાશ,
અંતરવૃતિ ઉજવળી, વીલસી થઈ વીકાસ.

નાઠી નઠારી રે સૌ એકસાહોની સાથે ઉઠી નાઠી નઠારી રે.
કામતો કીજે રે સાહેલી સારૂં કામ તો કીજે રે.
દાસી દુરાચારીને ન પાછી પેસવા દીજે રે.

સાખી—સહુજાત્મીક સ્વભાવમાં, રમતા આતમરામ.
પડે નહીં ફરી પાસમાં, નીજ ઘર તજી નકામ.

વાલો કરશે વીનોદ (૨) આનંદે અનુભવ એંગમાં,
મનનો માનેલો મોહ (૨) અમૃતરસ કેશ તો ઉમંગમાં. અલી.

ગાયન ૧૫ મું.

( બોલો મારા પ્રેમી પોપટજી. )

બોલો મારા ચેતન ચતુર બોલ બોલો,
બોલો બોલો સુમતા બોલાવે.
કુમતા નારી કરી છે તે પ્યારી,
મુને વીસારી સુમતા બોલાવે.
વિષયપદ પંથે તું જડ કયાં ભુલ્યો.
ફોગટ ફુલ્યો સુમતા બોલાવે.
જવાનીનું જોર તરૂં ઝટમાં જનારૂં.
પછી શું થવાનું સુમતા બોલાવે
કર્મની જાળમાં જડને જીવ પેઠો.
ઠરીને બેઠો સુમતા બોલાવે.
ક્રોધ માન માયા લોભના વસ પડીયો,
કર્મજાળ જડીઓ સુમતા બોલાવે.
સાણંદપુર સંઘ ભક્તિ કરે ભારી,
મંડળી ગાનારી સુમતા બોલાવે.

## ગાયન ૧૬ મું.

### ( માતાજી મહેર કરો. )

ચીંતામણીજી આજે મને કીરપા કીજે રે કીરપા કીજે રે,
દરીસન દીજેરે હું શરણ તમારે આવ્યો. ચીંતામણી.
અશ્વસેન કુલચંદારે વામાદેવીકા નંદારે,
તુમ તીનભુવનકે નાથ સહુ સુરનર જોડે હાથ. ચીંતામણી.
જે તુમ ચરણા સેવેરે ચીંતા સહુ ખેવેરે,
ચીંતામણી તસ આવે મનવંછીત ફલ પાવે. ચીંતામણી.
શાહેર મુંબઇમાં રે જૈન પ્રકાશક મંડળી રે,
નગાંવ પ્રભુદાસ મારી પુરો મનની આસ. ચીંતામણી.

## ગાયન ૧૭ મું.

### ( ધીમા ધીમા ચાલોને મારા પ્રાણ રે. )

ધીમે ધીમે ચાલોને મારા નેમરે,
આવું સંગે તમારી ગીરનારી જવા,
ભવબંધનથી પ્યારા આ મુક્ત થવા,
અણગારી થવા, ધરી પ્રેમરે. ધીમે.

સાખી—સુણો અર્જ મુજ શામળા છેક ન આપો છેહ,
પરિહરી દાસી જાઓ ના, પશુપર ધારી નેહ,
પ્યારા પ્રીતીનો વીચારો શું પંથરે,
રહો રહો ઉભા સલુણા કંથરે,
માનો માનો પ્રભુજી તજી તંતરે, ધરી પ્રેમ રે. ધીમે.

સાખી—રાજેમતી પતી પ્રેમીલા, પ્રાણુ ન લીયા ભવપાર,
લઘુ સભા જૈન પામીયે, નીર્ભય પદ નીરધાર.

આવું સંગ તમારી ગીરનારી જવા,
ભવબંધનથી પ્યારા આ મુક્ત થવા,
અણગારી થવા, ધરી પ્રેમરે. ધીમે.

ગાયન ૧૮ મું.

( નિર્બળ શત્રુ સબળ રાજપર. )

નેમી જીણંદા છો સુખકંદા કષ્ટ અમારાં કાપોને,
મહેર કરી મહારાજ અમોને સ્હાય તમારી આપોને,
છોજી અતી કૃપાવાન, પ્રભુ ભારી દયાવાન,
નથી નથી નથી કોઇ આપની સમાન,
નમો નીત્ય નેહ ધરી કરે અપગાન. નેમી.

મને તારોને ઉતારો પાર દયાળુ દાતાર,
રંગીલી રાજુલ કેરા રંગીલો ભરથાર,
નાનો નીત્ય નેહ ધરી જય જયકાર. નેમી.

ગાયન ૧૮ મું.

( શું નટવર વસંત. )

મહા કાન્તી શ્રીવીરતણી શોભી રહી,
શોભી રહી ખુબ દીપી રહી. મહા.

સાખી--મધુરી મુરતી મન વસી, પ્રણમું આણી પ્રીત.
મહાવીર તુજ શરણે નમી, ગાવે મંગળ ગીત.

સ્નેહથી, હેતથી, પ્રેમથી, ભાવથી. મહા.
આજે થાયે આનંદ આનંદ શાન્તી મન વસી રહીરે લોલ.
નાચો રાચોને જીન આગે અનોપમ આંગી બનીરે લોલ.

સાખી--દુઃખ દરિયામાં ડુબતો, આવ્યો શરણે આપ.
હું અપરાધી બાળ છું. કરો સેવકને સહાય

જાચું છું, માગું છું, નાચું છું, જીનવરા. મહા.

સાખી—જૈન સુધારક મંડળી, વંદે સૌ સંગાથ.
ચુનીલાલ વદે નમનથી, કૃપા કરો ધરો હાથ.
ગાવે છે, પ્રણમે છે, નમે છે, નાથને. મહા.

ગાયન ૨૦ મું.

## ( સાહિબા સલુણા. )

નેમજી નગીના રંગ ભીના શું રીસાયા,
મોહન વિસારી માયા, (૨)
ધાયા ધાયા ક્યાં નાથ જાઓ મારા નેમજી,
દુર્જન મળીને મારી હાંસી કરે છે,
શરમાઇ મરૂં છું હું તો (૨)

વેલા વેલા હાથીઆ વળાવો મારા નેમજી,
મોહન પધારી ચોરીમાં મને પરણી પોતાની બનાવો,
નવ ભવના પ્યારને વીસારી મારા વાલમાં,
વળો વળો સાહુમાં મનાઓ,
નમેરા ન થાઓ આવા છેક મારા નેમજી,
દયા કાંઇ દીલડામાં લાવો,
ચતુરમતીને વળી ઝાઝું તે શું કહીએ,
અબળાના અંતરને વીચારી લઇએ,
જ્યાં તમો વસો ત્યાં નાથ સાથ અમે, સોહીયે.
નેમજી.

ગાયન ૨૧ મું.

## ( મેતાજીરે શું મહી મુલ. )

રીખવજી રે અર્જ કરૂં તે સ્વીકારો,
ખરો આશરો છે પ્રભુ તારો.
હાંરે પ્રભુ તું છે મુજ મન વાલો રે,
મારી વીનતડી અવધારોરે,
સુખદાતારે, પુન્યનાં કમાડ ઉઘાડો. ખરો.
મારાં કષ્ટ તમે નિવારોરે, સુબોધક મંડળી તારોરે,
સુખદાતા રે પુન્યનાં કમાડ ઉઘાડો. ખરો.

ગાયન ૨૨ મું.

( શું નટવર વસંત. )

શ્રી જીનરાજ આ સમાજ આજ નાચી રહ્યા,
નાચી રહ્યા જગ નચાવી રહ્યા. શ્રી જીન.
સાખી—તતા થૈઇ થૈઇ થનગન કરી, ઠમક ઠમક ધરી પાય,
ફરતાં ફરરર ફુદડી, ભવમાં ભમવું જાય.
ધીધીકીટ ધીધીકીટ થાંગ થાંગ થાથીલાંગ,
વાગેછે મૃદંગ અંગ હર્ષ થયો નાચી રહ્યા. શ્રી જીન.
સાખી—શ્રી અષ્ટાપદ ગીરીવરે, રાવણ નાચ્યો જેમ,
તાન માનને તાલમાં, અહીં પણ નાચ્યા એમ.
ભવિજન ધરી ભક્તિભાવ લાવો લહીએ રે,
નમવા વીભુ ભવજળ નાવ જુગતે જઈએ રે.
સાખી—ચંદ્ર ઇંદ્ર નાગીંદ્રને, કરે અપ્સરા નાચ,
કેશવ માવીર મંડળી, નાચે શીવફળ સાથ.
શ્રી જીણંદ ગુણગણ ગાઓ રાગ રંગમાં,
જય જય જય જીનરાજ જયો નાચી રહ્યા. શ્રી જીન.

ગાયન ૨૩ મુ.

( બતાદે સખી કોણ ગલી. )

ઝુલાવે માઈ વીર કુંવર પાલણે વીર કુંવર પાલણે. ઝુલાવે.
રત્ન જડીત સોનેકા પાલણા, દોરી જરીકી જાલને. ઝુલાવે.

મણી મોતીયનકે ઝુમખે નીકે, ઘુઘરી ઘમકારને. ઝુલાવે.
રત્નદામસીદામ ગંડક પર, કરે પ્રભુજી ખ્યાલને. ઝુલાવે.
મેના મોર સુક સારસ સુંદર, હર્ષ કુંવર ભાળીને. ઝુલાવે.
છપ્પનદીક કુંવરી હુલરાવે, બજાય બજાય તાલને. ઝુલાવે.
ત્રીસલા માતા આનંદીત હોવે, નીરખ નીરખ બાલને ઝુલાવે.
હંસ કહે પ્રભુ પાલણે પોઢયો. જાણે જગત ચાલને. ઝુલાવે.

ગાયન ૨૪ મું.

( જીનરાજા તાજા. )

આદિશ્વર સ્વામી આપ બીરાજો પુના શહેરમાં,
દેશ દેશના સંઘ જે આવે યાત્રા કરવા ભાવે,
પૂજા આંગી ઠાઠ રચાવે લળી લળી જીન ગુણ ગાવે.
આદિ.

હું પણ ભટકયો કાળ અનંતો તુમ દર્શન વિણ સ્વામી,
અબ તુમ દર્શન નીરમલ પામી સહજ મુક્તિ ગતી ગામી.
આદિ.

ભરતરાયને રાજ્ય ભળાવી આપ રહ્યા વનવાસી,
દુક્કર તપ કરી કેવલ પામ્યા ભરતરાય ઉલ્લાસી. આદિ.
રિષભદેવનું નામ જપંતી માતાજી સુખ પાવે,
હાથી ખંધ ઉપર બેસાડી ભરતરાય તપલાવે.
આદિ.

સમવસરણની રિદ્ધિ દેખી, અનિત્ય ભાવના ભાવે.
અષ્ટ કર્મનો ક્ષય કરીને, માતા મોક્ષે જાવે. આદિ.

હું પણ સ્વામી શરણે આવ્યો, દર્શન કરવા કાજે,
તુમ દર્શનથી આતમ તાર્યો, ફળીયા વંછિત કાજ.
આદિ૦

ઓગણીશે ચોસઠની સાલે, મેરત્રયોદશી જાણો,
કમલવિજય કહે યાત્રા કરીને, સુખસંપત્તિ ઘેર આણો. આદિ૦

ગાયન ૨૫ મું.

## ( મરૂં છું વેરી હાથથી. )

મહાવીર મહાવીર મે જપુ અર નીત્ય કરૂં પરણામ,
પ્રભુજી તમારૂં મુખડું જોતાં સફળ થયો મુજ કામ. મહાવીર૦
તેરે અંગ પર પુષ્પ ચઢાવું ભાત ભાતકે જાત,
ગુલાબ દાબડી જાસુદ ડમરો માલતી મોગર સાર. મહાવીર૦
હીરે જડેલા મસ્તક મુગટ કાનોમેં કુંડળ સાર,
બાંહે બાજુબંધ બેરખા ઓર ગળે મોતનકો હાર. મહાવીર૦
એસી આંગી મહાવીરપ્રભુકી દર્શન કરે નરનાર,
પ્રભુજી તોરા ચરણ પસાયથી ભવિજન પામે ભવપાર.
મહાવીર૦

શ્રી જૈન લધુ આદ્ય જૈન ગોષ્ટી ગાવે ગીત રસાળ,
સેવક ઉપર કરૂણા કરી પ્રભુ દેજયો સુખ વિશાળ. મહાવીર૦

## ગાયન ૨૬ મું.

### ( ગરબો. )

કેવી શોભેરે શોભે છે રાત પુનમ ચાંદની રે.
રૂમઝુમ નાચોને સૌ સાથ તાળી લઇને બે હાથ,
ગુણ ગાવોરે ગાવો ગાવો ગુણ ગાઇએ રે.
પાર્શ્વનાથ તણા આજ પાતીક ટળશેરે સૌ કાજ,
ભાવો ભાવોરે ભાવો ભાવો ભલી ભાવના રે.
નમું નમું હું તને એક ચીત્તથી ભજું ભજું હું તને
પુર્ણ ભાવથી,
ભક્તિ કરૂં સદા તાહરી પાર્શ્વનાથ તણા ગુણ ગાઇને.
સાખી—સુંદીર આંગી શીરોમણી ચુનીલાલ વદે સૌ સાથ,
અંતે અવિચળ એજ છે ભાવે ભજીએ નાથ,
સેવો સેવોરે સેવો સદા આનંદ ઉર આણીને. કેવી૦
પાયેપડી પુજું નીત્ય ચરણું આવ્યો આ બાળક
આપ શરણું.
બુદ્ધિ પ્રકાશ આપ આશરે વિઘ્નો નીવારો એવી
અર્જ ઉચરે.
સાખી—દુઃખ દરિયામાં ડુબતો આવ્યો શરણે આપ,
હું અપરાધી બાળ છું કરો સેવકને સહાય,
તારો તારોરે તારો મુને આ ભવ ફંદમાંથી રે. કેવી૦

ગાયન ૨૭ મું.

## ( ચેતન કરીલે વીચાર. )

આ સંસાર છે અસાર છે અસાર છે અસાર રે. આ૦
સુખની પાછળ દેખીહુજો દુઃખ દુઃખ કેડે સુખ થનાર,
સુખ થનાર સુખ થનારરે. આ૦
કષ્ટ સહન કીધાં વગર નહીં કાંઇ નવ ઉચ્ચુ પદ મળનાર,
પદ મળનાર પદ મળનાર રે. આ૦
કરૂણા કરી ઇશ તું મુજ દોષ નીવારે તોએ સુખ અપરંપાર,
અપરંપાર અપરંપાર રે. આ૦
આરાધું એક ચીત્ત શક્તિ તુજ અપાર તારો તારો વિઘ્ન વિદાર,
વિઘ્ન વિદાર વિઘ્ન વિદાર રે. આ૦

ગાયન ૨૮ મું.

## ( કાનુડો ન જાણે૦ )

નેમજી સુણો મોરી અર્જ વિનવે રાજુલ નારીરે. નેમજી૦
અનેક જાદવ સાથે જાન સણગારી વાલા,
પ્રીતી લગાડી શાને ત્યાગી કરી હાય અરરરરરરરરે. નેમજી૦
આઠરે ભવની મારે પ્રીતડી લાગી વાલા,
નવમે તરછોડીને શીદ જાઓ ચીને ચરરરરરરરરે. નેમજી૦

જાણ્યું મેં આપ ભોગી બેઠા શું થઈને જોગી,
કાલજડું કંપે મારૂં હાય કંપે કરરરરરરરરે. નેમજી૦
તોરણે આવી શીદ ચાલ્યા તરછોડી વાલા,
પીંજર પશુનો સુણી પોકાર થાએ અરરરરરરરરે. નેમજી૦
રથરે ફેરવીઓ પાછો દીલમાં બહુ ખેદજ વસીયો,
છોડાર્યાં પશુઓ અપરંપાર નાઠયાં ખરરરરરરરરે. નેમજી૦
તપનાં કારણે રાજુલ ચાલ્યાં ગીરનારેને,
વરસે વૃષ્ટીની ધારા ઝરમર વરસે જરરરરરરરરે. નેમજી૦
પંચાવન દીવસે કેવલ જ્ઞાન પ્રગટીયુંને,
મોક્ષગતી પદ પામ્યા ગુણ ગાઊં ગરરરરરરરરે. નેમજી૦
જૈન સુધારક તારા શરણે સદાની વાલા,
પ્રણમે છે પાએ ચુનીલાલ તારો તરરરરરરરરે. નેમજી૦

## ગાયન ૨૯ મું.

### ( જાએજી જાવ કીશ નાદન૦ )

જુઓ આ પ્રાણ એ તો ઝાકળ સમ પલટાઈ જાશે,
હામને દામ રહે એક ઠામ એ શું કોઈ જન ખાશે.
જાવું છે સૌને જુદા, મારગ છે સૌને જુદા,
ખાલી દમામ રાખે સાથે શું એ લઈને જાશે,
ગમારમાં ગણાય પોતે પાછળથી પસ્તાવો થાશે. જુઓ૦

સાથે રહે એક જીનનાં, ધરજ્યો એક ચીત્તે જીન ધ્યાન,
વિજાપુર મહાવીર મંડળી જીનના ગુણ ગાશે,
વદે સો સાથ કેશવલાલ ભવજળ પારે આશે. જ્ઞુઓ૦

ગાયન ૩૦ મું.

( ડરમાં તું દીલ સાથ૦ )

ધર્મ સાધના સાધ જીવડા ધર્મ સાધના સાધ,
પાપી તું છે અગાધ જીવડા ધર્મ સાધના સાધ.
કરણી છે તારી ભારી અકારી પાપ કરી તેં અનહદ ભારી,
છુટવાની નથી એકે બારી સીદ કરે તું હવે લાચારી.

( હવે હજુ પસ્તાય છે. )

તુજ મન હવે પ્રભુમાં સાધ. જીવડા૦
મતી નઠારી થઇ અમારી પાપ નીવારી થાતું આભારી,
વંદુ પ્રભુ તુંને વારંવારી પાપમાંહીથી મુજને ઉગારી.

( મને મોક્ષગતી બતાવ. )

તેમાં કાંઇ નથી તુજને બાદ. જીવડા૦

ગાયન ૩૧ મું.

ગરબો.

આવો આવોરે મીત્રો આજ જઇ દરિશન કરીએ,
પાવો પાવોરે સુખ અથાગ જીનપે શીશ ધરીએ.
ગાવો પાર ઊતારણ જહાજ ભવ દરિયે તરીયે,
જે જાણે છે અંતર દાઝ ઊર ભાવજ ધરીયે.

અંતરજામી અલવેસરૂ સદા ધર્મ ભંડાર નામ સુખકારરે,
મગ્ન થઇને સ્વામી પાય વંદીએ દેવાધીદેવ નીરાકાર જાપતાં
ટળે પુર્વ જન્મનાં પાપરે. મગ્ન થઇને સ્વામી પાય વંદીએ.

નરક નીગોદમાં આથડી આવ્યો, ચંદ્રવદન તણું શરણુ મેં પાયો,
જૈન વિજાપુર ગાયો તન દેઈ મોક્ષના કાજે.

મોહી રહ્યા નહી છોડું કો વારે, હુસ્ત ગ્રહી મુજ પાર ઉતારે.
ડાહ્યા એવું ઉર ધારે તન દેઇ મોક્ષના કાજે. આવો૦

ગાયન ૩૨ મું.

( વીરા વેશ્યાના યારી૦ )

વાસુપુજ્ય વિલાસી, ચંપાના વાસી, પુરો હમારી આશ,
કરૂં પુજા હું ખાસી, કેસર ઘસી,
પુષ્પસુવાસી પુરો અમારી આશ. વાસુ૦

ચૈત્યવંદન કરૂં ચીત્તથી પ્રભુજી ગાવું ગીત રસાળ,
એમ પુજા કરી વિનતી કરૂં છું આપોને મોક્ષ વિલાસરે.

દીયો કર્મની ફાંસી, કાઢો કુવાસી,
જીમ જાય નાસી પુરો અમારી આશ. વાસુ૦

સંસારગોરા મહોદધીથી કાઢોને અમને બહાર,
સ્વારથના સહુ કોઇ સગાં છે માત પીતા પરિવારરે,

બાલ મીત્ર ઉલ્લાસી, વિનય વિલાસી,
અરજી એ ખાસી પુરો અમારી આશ. વાસુ૦

## ગાયન ૩૩ મું.

( સુંદર શામળીયા૦ )

જીનવર જયકારી અજબ ગતી પ્રભુ તારી.
મુરતી લાગે પ્યારી દુખડું હરનારી. જીનવર૦
ભક્તિ કરૂં ભવ દુઃખડું હરવા ભવસાગરમાં સેજે તરવા,
મોહરાયની નથી હવે પરવા હારી કુમતી નારી. જીનવર૦
સુમતા શાણી સમતે વખાણી ધર્મરાયની એ પટરાણી,
અમૃત સરખી તેહની વાણી વળી તેહ મોક્ષ દેનારી. જીનવર૦
સાણંદ મંડળી પ્રભુ આગે પદ્મમંડળ પ્રભુ પાસે માગે,
મંડળીનો જશ ડંકો વાજે જય બોલો નરનારી. જીનવર૦

## ગાયન ૩૪ મું.

( આવડીશું અકળાયરે૦ )

ચંદ્રપ્રભુ ચીત્ત ચોરી લીધું દેખાડી દેદાર.
મન મોહાવ્યું માહરૂં મને દેખાડી દેદાર.
ચંદ્રપુરી નયરી વિશે મહાસેન રાજન,
લક્ષમણ માતા ઊદરે પ્રભુ આવ્યા પુરૂષ પ્રધાનરે. મને૦
લંછન શોભે ચંદ્રનું કાંઇ ગુણ અનંત પ્રધાન,
દરિશન કરતાં આપજો કાંઇ શીવ રમણીનું દાનરે. મને૦

નયન કમલ કચોલડાં કાંઇ નાસા સુક સમ સાર,
સમ્યક દ્રષ્ટી જીવને પ્રભુ તારો છે આધારરે. મન૦
ચીત્તમાં લાગી ચટપટી લટપટ મન લોભાય,
ખટપટ સીદ્ધ વધુને માટે આવે છે મુજ હાથરે. મન૦
એકલા આપ વરીને બેઠા કરીએ સેવક સાર,
બાળ મીત્ર શુભ વંદન કરતાં વીનવે વારંવારરે. મન૦

## ગાયન ૩૫ મું.

## ગરબો.

વીર જીનેશ્વર વદન વિધું ભવી કુમુદ નીહાળી.
અધીક આનંદીત થાય સદા સમકીત અજુઆળી.
મણી માણેક હીરલે જડયોરે લોલ.
સોવન મુગટ માથે ચડયોરે લોલ.
કાંને કુંડળ બાંહે બેરખાંરે લોલ,
નંગ જડયાં માંહી નવલખારે લોલ.
મનોહર મુક્તાફળના હાર કે હૈડે હસી રહ્યારે લોલ,
જે ભવજળના તારણહાર કે દીલડે વસી રહ્યારે લોલ.
સાખી—ચૌદ રાજમાં ચાંદની પ્રસરી રહી જીનરાજ,
શીતળ સુખકર સર્વના કરતી વાંછીત કાજ.
રાગ દ્વેશ વૈરી નવ નડેરે લોલ,
વેગળી ઊભી કુમતી રડેરે લોલ.
ભવ્ય નહી ભુલાં પડેરે લોલ,
શીવ શાહેરનો રસ્તો જડેરે લોલ.

સાખી—જગજીવન જગનાથ તું જગત ગુરૂ જગતાત,
ત્રીવીધી તાપ ટાળક તમે શીવ સુખકર સાક્ષાત.

સમકીત લક્ષ્મી નીત્ય સચવાય કે નહી કોઇ લુંટશેરે લોલ,
પ્રભુ મુખચંદ્ર પ્રકાશ પસાયકે નહી કોઈ કુટશેરે લોલ.

શીવસુત કેશવને મહાવીર મંડળી વળી.
પ્રભુ પદ પંકજને પ્રણમે લળી લળી. વીર૦

ગાયન ૩૬ મું.

( કાનુડો ન જાણે મોરી૦ )

જરી સામું જુઓ શ્રી મહાવીરરે ઓ ત્રીસલાના જાયા, જરી૦
નરકગતીનું દુઃખ નાથ નીવારો જમડા ત્યાં તાણી ચીરે,
ચીર ચીરે ચરરરરરરરરે. જરી૦

પશુ પંખીનો ભવ અમને ન આપો પાપીડા મારે તાણી,
તીર તીરે તરરરરરરરરે. જરી૦

જબરૂ જોખમ કરે ચાર જોદ્ધાઓ કાપો કુકર્મી કથીર,
કાપો કરરરરરરરરે. જરી૦

પ્રબલ અનલભવ માંહ્ય બળુછું ઊચરૂ હું અરજ અધીર,
અરજી અરરરરરરરરે. જરી૦

કેવલ પામી સ્વામી અંતરજામી વસીયા સીદ્ધસલ્લાને શીર,
વસીયા સરરરરરરરરે. જરી૦

મહાવીર મંડળી શીવસુત કેશવને આપ દયાનો છાંટો નિર,
છાંટો છરરરરરરરરે. જરી૦

## ગાયન ૩૭ મું.

### ( વારી જાઉંરે સાંવરીયા૦ )

વહાલા વીરજીનેશ્વર જન્મ જરા નીવારજોરે,
પ્યારા પ્રભુજી પ્રીતે મુજ શીર પર કર સ્થાપજોરે.. વહાલા૦

ત્રણ રતન આપો પ્રભુ મુજને ખોટ ખજાનો કોના: તુજને.
અરજી ઊર ધરી કરમ કટક સંહારજોરે. વહાલા૦

કુમતી ડાકયણ વળગી મુજને નમીનમી વીનવું હે પ્રભુ તુજને.
એ દુ:ખથી દુર કરવા વહેલા આવજોરે. વહાલા૦

આ અટવીમાં ભુલો પડીયો તુમ સાહીબ સાચો મુને મળીયો.
સેવકને શીવપુરની સડક દેખાડજોરે. વહાલા૦

અરજી ઉચરીને જીન આગે મહાવીર મંડળ પ્રભુપદ માંગે,
મહેર કરી મહારાજ પ્રાણને પાળજોરે. વહાલા૦

## ગાયન ૩૮ મું.

સેવો ભાઈ સેવો ભાઇ પાર્શ્વપ્રભુ છે સુખદાઈ,
વાતો કરતાં વખત જશે મૃત્યુ પળમાંહી થશે,
પાછળ પસ્તાવો થશે પાર્શ્વપ્રભુ છે સુખદાઇ. સેવો૦

દીપને પતંગપેરે હવે ન ફસાઓ ખરે,
પ્રભુ શું નજર કરે હાં (૨) પાર્શ્વપ્રભુ છે સુખદાઇ. સેવો૦

પાર્શ્વપ્રભુ વામાજાયા જુઠી માયા જુઠી કાયા,
જૈન રસ નહી પાયા હાં (૨) પાર્શ્વપ્રભુ છે સુખદાઇ. સેવો૦

ગાયન ૩૯ મું.

આ દુનીયામાં એકલો અથડાવું હું અરે,
ચંદ્રપ્રભુ વીના નથી કોઇ સહાય આખરે. આ૦
કામી ક્રોધી લોભી થોભી પીડાવું અહીં,
કૃત્ય કર્મના જવાબ શીરીતે દઉં નહીં. આ૦
પાપી પીંજરમાંથી પંખી ઝટ ઉડી જશે,
માયાના બાંધેલ પ્રાણીઆનું કયાં જવું થશે. આ૦

ગાયન ૪૦ મું.

( દેખ્યા ભાઈ દુખના૦ )

આજે થાએ આનંદ આનંદ હો (૨)
દરિશન પામ્યો હું પ્રેમ શ્રી જીનરાજના
ટળે મારાં પાતીક સઘળાં હો, (૨)
સંસાર ચક્રના ચકડોળ માંહી માલતાં.
સગાં સહુ સ્વારથ સુધીના હો (૨)
વીસારે ધર્મ મુરખ જગમાંહી રાચતાં.
સાખી—મુક્તિ કાંઇ કીધું નહીં પુન્યદાન દીધું નહીં,
ઠાલે હાથે અવતરી આ જગતમાંહી જાવું સહી. આજે૦
સાખી—જૈન સુધારક અને પાયે પડી નમીએ અમે,
ખરો ભરૂસો આપનો ચુનીલાલને તારો તમે. આજે૦

## ગાયન ૪૧ મું.

### ( મીયા રાહોર સુરવર નર૦ )

આદીનાથ આ નાથના નાથ કીડીપર સું કટક કટક કટક,
મારૂદેવા નાભી તણા નંદ રાખો છો દીલમાં
ખટક ખટક ખટક. રાખો૦
વિનીતા વાસી ઈક્ષાકુ વંશી તુટયાં છે કર્મો ટટક ટટક ટટક,
દીલે વીચારી દાસ તણી દયા ઊતારો ઘટમાં
ઘટક ઘટક ઘટક. રાખો૦
કર્મ કર્યાં કાંઇ કાળ અનંતા લાગે ચીત્તમાં ચટક ચટક ચટક,
ભય પામી ભય ભંજન આયો પામરને નહી
પટક પટક પટક રાખો૦
હીરો જોઇ પ્રભુ હસ્ત ગ્રહો પણ નીકળે જોગી ફટક ફટક ફટક,
કરણી તેવી પાર ઊતરણી એમાં શું તમને
અટક અટક અટક. રાખે.૦
જૈન સેવક જન જીન ગુણ ગાવે ભાવે બોલી ભટક ભટક ભટક,
સશી સુત સંગે પાર ઊતારો સૌને સ્વામી
સટક સટક સટક. રાખો૦

## ગાયન ૪૨ મું.

વ્હાલા વીરજીણંદ જયકારી હો નમું ચરણ કમળ ચીતધારી,
કરમ કટક ઝટપટ સંહારી શીવનારી વરીયા સુખકારી;
અરી હા છો ઊપગારી હો. નમું૦

અખીલ બાલકને આશ તુમારી આ ભવ દવમાં બળતા ઠારી,
આપીએ સેવા સારી હો. નમું૦

કરમાં શાસ્ત્ર ધરે દુઃખકારી જે હીંસક પરનારી વીહારી,
એવા દેવ વીહારી હો. નમું૦

તારીય મહાવીર મંડળી તારી શીવસુત કેશવને શીવનારી,
આપો અરજી સ્વીકારી હો. નમુ૦

### ગાયન ૪૩ મું.

## નમું પદે પ્રભુ સુમતીને૦

નમું નમું શ્રી ચીંતામણીને શાન્તીનાથ સદા મન સમરૂં,
શરણ પ્રભુજી તમારૂં પુજુ પાએ, જોડી હાથે, કાપો કુમતીને નમું૦

અર્જ કરૂં દીનાનાથ સહાય કરજો શ્રી જીનનાથ,
સુધારકને સંભાળ પામર પ્રાણી અમે બાળ;
રૂમક ઝુમક છુમ ઝાંઝર બાજે તાલ સંગે આનંદે,
જયકારી, હણો ઊગારી, આપો સુમતીને. નમુ૦

### ગાયન ૪૪ મું.

## ( તારો જુગદાધાર૦ )

નેમે કરી વીયોગી રાજુલનાર આ શો થયો ઊત્પાત. નેમે૦
પશુ પંખી સૌ એકીજ વેળા વદે પોકારી સુજાણ,
પ્રાતઃકાળના સમયે સૌનો જાશે અમારારે પ્રાણ. નેમે૦

પીંજરમાંહી આ શો કલ્પાંત કરે છે પ્રોઢ પોકાર,
દીન વાણી પશુઓની શુણીને એહ વિચારે અપાર. નેમ૦
નથી પરણવું નથી પરણવું નથી પરણવી નાર,
એમ કહી રથ ફેરવીને ઊગાર્યાં પશુઓ અપાર. નેમ૦
તોરણથી ન છોડી ચાલ્યાં થયાં રાજેમતી નીરાશ,
અન્તે નેમજીના સાથે જઇને પુર્ણ કીધી સો આશ. નેમ૦

## ગાયન ૪૫ મું.

## ( તનનન ગાવે૦ )

પાર્શ્વજીન પ્રણમું પ્રીતેથી આવાર,
પ્રભુ પ્યારી આંગી ભારી સશી સમ શોભી રહી. પાર્શ્વ૦
નાથ નીરંજન છો અંતરજામી ભવદુઃખ ભંજન દુઃખહારી,
અકળ કળા હશા તારી કળાએ ન ગાવે ચુનીલાલ ઊતારે.
ભવપાર. પાર્શ્વ૦
એક કોરે આનંદમય મુર્તીઓની હાર છે,
સામી બાજુ આ બાળક ગુણ ગાય છે,
ઘુઘરાનો ઘણણણ ઝાંઝરનો ઝણણણ. પાર્શ્વ૦

## ગાયન ૪૬ મું.

અપે જીનવર નટવર સુખકર દુઃખહર રહો અવીચળ નાથ,
રહો નાથ, રાખો સાથ, ભીડું બાથ, (કષ્ટ કાપો પ્રભુજી;)
પ્રાતઃકાળના સંસારી જાળમાં વીસરી ગયો ઊદર તણું જ્ઞાન,
મુખ થકી એહું જાણું નહી ઊચર્યા આદે શ્રી ભગવાન;

અધમ તારીને કષ્ટ નીવારીને આપો હવે મોક્ષજ દાન,
જીવન જાન, હું કુરબાન, આજારી, ભયકારી;
લયકારી, જાઉંવારી. માગું માફી કરજોડી નાથ. અધ૦

ગાયન ૪૭ મુ.

## ( પીલે શરાબ મજેદાર૦ )

ધીરે ચાલો મારા નેમ ગીરનાર ધીરે ચાલો મારા નેમ,

કામણગારા કંથજી તમે અચવચ આપી છેહ દેદાર. ધીરે૦
દ્વાર આવી પાછા ગયાને પશુ પર ધારી નેહ ગીરનાર. ધીરે૦
રાજેમતી સખી શ્યામ સલુણા આશ રહી મન
જોવાની હાર. ધીરે૦
શીયલવંત વનમાં ગયા તે જીતી કામ વિકાર તુંમ યાર. ધીરે૦
રાજેમતી પતી પ્રીત ન છોડું તો હું માયા ત્રીભુવનની હાર. ધીરે૦
મહાવીર મંડળી અર્જ કરે છે સ્તવન કરે તુમ ચરણ મોઝાર. ધીરે૦

ગાયન ૪૮ મું.

## ( મારા અંતરમાં વસનારા૦ )

ઓ સંભવજીનવર તારી શ્રી આંગી ઝળકે ભારી,
ચક ચક કરતી આ ચળકે ઝક ઝક ઝક મુરતી ઝળકે. ઓ૦
જીન નીરખી મળી સૌ સંગે ગુણ ગાઇએ અતી ઉમંગે. ઓ૦
નાચો થનનનન થનનન થૈઆ ગાઓ ગુણવંત રાગ ગવૈયા. ઓ૦
હૈયું આ અતી હરખાએ ચુનીલાલ નમે તુજ પાએ. ઓ૦

ગાયન ૪૯ મું.

કરી ખલક (૨) દીવાની ખારી પ્રભુ પામ્યા પંચમ નારી,
નહી જન્મ મરણનો ફેરો, નહી રોગ શોગ અનેરો;
નહી ભય પણ ત્યાં કોઇ કેરો, નહી ભુખ, જરા નહી દુઃખ.
સાસવતા સુખ, ભોગવે ભારી પ્રભુ પામ્યા પંચમ નારી. કરી૦
નહી ભોગ વીજોગ ગભરાએ, ત્યાં વૈર વીરોધ ન થાએ,
નહી સગા સંબંધી કોએ, નહી રોષ, જરા નહી દોષ,
નહી અફસોસ, સદા સુખકારી પ્રભુ પામ્યા પંચમ નારી. કરી૦
નહી કર્મ ભર્મ કે કાયા, નહી લોભ લલુતા માયા,
નહી તડકો કે નહી છાંયા, નહી આર, નહી નીહાર,
અજબ છે બહાર, હવા હીતકારી પ્રભુ પામ્યા પંચમ નારી કરી૦
નહી ઊજડ કે નહી વસ્તી, નહી વસ્તુ કીંમત સસ્તી,
નહી મૌનપણું નહી મસ્તી, નહી વાત, નહી એકાંત,
નહી દીન રાત, અચંબો ભારી પ્રભુ પામ્યા પંચમ નારી. કરી૦
નહી ગંધ રૂપ રસ શબ્દ, નહી નીસ્નેહી નહી લુબ્ધ,
નહી વાર તીથી કે અબ્દ, કરી સાર, પામ્યા ભવપાર,
નમે નરનાર, મુની ધન્યધારી પ્રભુ પામ્યા પંચમનારી. કરી૦

ગાયન ૫૦ મું.

આ અરજી અર જીનરવરજી,
મમ તારે ગરીબ નીવાજ બીરૂદ તુજ રાજ
સહાયતા કરજી. આ૦
ચાર ગતીમાં લાખ ચોરાસી યોની દુઃખની ખાણ,
કાળ અનાદી ભવ અટવીમાં ભ્રમણ કર્યું ભગવાન
સહાયતા કરજી. આ૦

કામ ક્રોધ મદ મોહ માનથી છોડાવો જગનાથ,
પામર પ્રાણી કરૂં પ્રાર્થના ગ્રહો સેવકનો હાથ
સહાયતા કરજી. આ૦

અનંત બળી પણ અબળ થયો છુ કર્મ વીશે કીરતાર,
કહે ટોકરસી મંગળ માગું પ્રભુ તુજ પદ આધાર
સહાયતા કરજી. આ૦

## ગાયન ૫૧ મું

કરી શુ દ્રષ્ટી સ્વામી આજ મુક્તિનું સુખ માગુ,
શું દ્રષ્ટી સ્વામી આજ સંસાર સમુદ્ર અપાર;
તારોને તારણહાર કરી કર્મ રીપુ સંહારરે. શુદ્રષ્ટી૦
સાખી—નીશદીન શ્રી જીનરાજની જપે દાસ જપમાળ,
ટાળી ભવ જંજાળ આ દીજે દરસ દયાળ.
મુક્તિનું સુખ માગું. શુંદ્રષ્ટી૦
છો શીવ વધુના ભરથાર શીવસુત કેશવ આધાર,
મહાવીર મંડળી સુખકારરે. શુંદ્ર'ટી૦

## ગાયન પર મું.

### ( જવલોહ શંખલાભાર૦ )

વાહ અજબ સુરત સારી જીનતારી,
છે કંચન વરણી કાય અનોપમ ઊપમા નહીં થાય;
વંદે પદ નરનારી, જીનતારી. વાહ૦

કંઠે મુક્તાફળ હાર સીરતાજ મણીમય સાર,
આંગી અનોપમ ધારી જીનતારી. વાહ૦

કેસર ચંદન ઘનસાર ભમી ભ્રમણ કરે ગુંઝાર,
નીત્ય ભકિત કરે સારી જીનતારી. વાહ૦

માલતી મોગર ગુલબાસ જાઇ કેતકી ચંપકવાસ.
પ્રભુ અંગ જડયા ભારી જીનતારી. વાહ૦

અઘઓઘ મટે ભવ તાપ મેં જપે સદા જીન તાપ,
તે ભવ ભ્રમણા ભારી જીનતારી. વાહ૦

વીજાપુર મંડળી ગાય પ્રણમે વીઠલ તુમ પાય,
તારે ભવજળ તારી જીનતારી. વાહ૦

## ગાયન ૫૩ મું.

## ( ગાજે ગગન ગરરરર૦ )

ચાલો દર્શન ઝટપટ દર્શન ઝટપટ મટે કુકર્મની ખટપટ,
થઇએ લટપટ ધ્યાન ઝટપટ કરીએ સેવન ચટપટ;
સેવન ચટપટ મટે કુકર્મની ખટપટ.

સાખી—કર્મ કટકને કાપવા જીન સમ અવર ન દેવ,
સેવ કરો ભવી ભાવશું મટે અનાદીની જે કુટેવરે.

પ્રાણીયા પ્રાણીયા પ્રેમ સહીત એ સેવીએ,
ભાવે ભક્તિ રસમાં ડુબાડરે. પ્રાણીયા૦

સાખી--શાન્તી જીણંદ સોહામણી મુરત ભલેરી આપ,
        પુર્ણાનંદ મહોદયે આવ્યા મળી અમે.
ભાવે ભવી સૌ ભેટવારે લોક્ષ સાહેબજી સહાય જો કરે,
જ્ઞાન સરણી તો મળે. ચ લો૦

ગાયન ૫૪ મું.

(જપ્તી પ્રીતમની જપમાળ૦)

મનહર મહાવીર ગુણ મણીમાળ મુરતી મોહન વેલી,
વરીયા શીવ રમણી વેલી આહા અલબેલી,
પામ્યા પરમાતમ પદવી અમ પહેલી.

સાખી—સંસારી સુખ અનુભવ્યાં નાથ અમારી સાથ,
        કરી ઊતાવળ એકલાં કેમ તર્યાં ભવપાર.
અમને મન મોહન મેલી ખેલ તું ખેલી. પામ્યા૦

સાખી—અંતર નીરંતર સદા જાપ જપું જીનરાજ,
        ચરણ કમળની ચાકરી અનુચર માગે આજ.
કરીએ કૃપાળુ દ્રષ્ટી પ્રેમ ભરેલી. પામ્યા૦

સાખી—દહન થતાં ભવ દવ વીશે ઊગારો અરીહંત,
        કરજોડી વીનતી કરૂં આપો સુખ અનંત.
શીવ સુત કેશવના બેલી પાપને ઠેલી. પામ્યા૦

## ગાયન ૫૫ મું.

પ્રભુ વાસુપુજય ભગવાન મુરતી પ્યારી મને લાગે વાલાની,
હું જોઇ થઇ છું કુરબાન. પ્રભુ૦

આવો સખીરી તમે આવો સાહેલી આજ
પુજો પ્રભુ ભાવ આણુ. પ્રભુ૦

આવો સખીરી તમે આવો સાહેલી આજ
કરવા પ્રભુ ગુણગાન. પ્રભુ૦

આવો સખીરી તમે આવો સાહેલી આજ
કરવા કાઊસગ્ગ ધ્યાન. પ્રભુ૦

આવો સખીરી તમે આવો સાહેલી
મળ્યું નરભવ અમુલખ ખાણુ. પ્રભુ૦

આવો સખીરી જપો મંગળકારી કહે ટોકરસીહ નામ. પ્રભુ૦

## ગાયન ૫૬ મું.

પરમ પ્રભુ જય જય સંભવનાથ ભવ બુડતાં ઝાલો હાથ,
પ્રભુ મેળવ શીવપુર સાથ. પરમ૦

ત્રીભુવન નાયક જગજયોરે અસરણ સરણ દયાળ,
બીરૂદ સફળ કરી તારજયોરે જીવ દયા પ્રતીપાળ. પરમ૦

કાળ અનાદીથી પડયોરે બે વૈરી મુજ સાથ,
નાત તમારા બાળનેરે કરવો ઘટે સનાથ. પરમ૦

ભવરણુ આતમ ધન હરેરે ઘોર ચોર જે ચાર,
કુમતી સંગ નીવારજ્યોરે કરી ગરીઅને બ્હાર. પરમ૦

આધ જૈન લધુના પ્રભુરે ટાળો ભવભય ફંદ
ચરણુ કમળ વંદન કરેરે સેવક સાકળચંદ પરમ૦

ગાયન ૫૭ મું

પ્રભુ તારો વાલો લાગે છે દેદાર પ્રભુ તારો દર્સ દીપોની,
દર્સ દીપોની વાલો વાલો વાલો વાલો વાલો લાગે છે દેદાર પ્રભુ૦

ભવભવ ભટકી હવે હું હાર્યો કીરપા કરોને કૃપાલ. પ્રભુ૦
હું અપરાધી આશ કરીને આવ્યો છું મંગળ કાજ,
પ્રભુ મારા આવ્યો છું મંગળ કાજ. પ્રભુ૦

ગાયન ૫૮ મું.

( અરે શું માનવનો૦ )

અરે જીવ ભમરા ભુલ્યો ભાન ભમ્યો ભવરાનમાંરે,
ખરેખર નાચ્યો નટ નાદાન ન થાક્યો તાનમાંરે;
માન ગુલતાનમાંરે. અરે૦

જળતરંગ ઊછરંગ ખલકમાં આ........રે ખરે,
આ ભવ વાદળ વીખરાય પલકમાં આ......રે ખરે;
માયામાં મસ્તાન. અરે૦

સાખી—સંસાર સાર આશા કમળમાં કેદ મધુકર જીવડો,
ચીત્ત કરી પ્રભુ પ્રાર્થના છુટયો હવે ભાનુ ચડયો.
પણ કાળ ગજ નલીનો ઊખેડી ચાવતાં ભમરો રડયો.
હત ભાગ્ય હાર્યો તેમ માનવ હારશે ભવ બાપડો. અરે૦
સાખી—ઉદ્યાન જળદી પાન પીંપળ વીખરંતાં સો વાયદા,
જીવતર વૃથા જીવ જાણજે એ કાલ કુદરત કાયદા;
ભજ પ્રાણીઆ અરીહંતને જે વૈદ્ય ભવ રોગો હરે,
આ છંદ સાંકળચંદ જૈન સભા લઘુ હેતે ભણે. અરે૦

ગાયન ૫૯ મું.

પ્યારો લાગે મોહન (૨) નેમ છબીલી મન મોહના.
મન મોહના પ્રભુ મોહના. પ્યારો૦
નેમ છબી એસી દેખી નેન સુંદર પ્રભુ,
અર્જ સ્વીકારો વીનતીયાં જયકારી, આવારી,
નીવારી, કટારી, બલીહારી, તમારી મનમોહના. પ્યારો૦

ગાયન ૬૦ મું.

( જૈન દેવા જગત ગુરૂ૦ )

શાન્તીનાથ સહાયકરી અમને પાળજો,
હે જગવંદન દુષ્ટ નીકંદન ભજે છે બાળકો;
મા. આ. આ. રા. કષ્ટ કાપજો. શાન્તી૦

પ્રીતેથી વંદન પુજન અરચન સેવક તારજો,
મા. આ. આ. શા. દુઃખ નીવારજો. શાન્તી૦

જૈન સુધારક બુદ્ધી પ્રકાશકની લાજ રાખજો,
મા. આ. આ. શા. વીઘ્ન ટાળજો. શાન્તી૦

## ગાયન ૬૧ મું.

આમ ખાલી દમામ શાને દાખવે છે શું,
કાંઇ સાથ નહી આવે મન ધારે છે શું;

ભુલી ભાન ભમી મોહ મહીં રાચ્યું છું હું,
મદ માંહે રહી પસ્તાવું છું હું;

જોને જ્યાં ત્યાં ખાલી ફાંફાં જીનજી જ્યારે પાર ઉતારે,
( ત્યારે શું મોહ માયાજ દુષ્ટ કર્મ કરાવે છે )
( બેશક અને એજ ધર્મને વીસરાવે છે ) આમ૦

## ગાયન ૬૨ મું.

પ્રભુ હું કરૂં પ્રણામ પાપ પુંજ હરો,
કહું કરગરી કૃપાળ નેહ નજર કરો;
ખરેખર દાસ ખરો, હેને શીર હાથ ધરો જયજયજયજય પ્રભુ.

કર્યાં ક્રોડ મેં કુકર્મ પર્મધર્મ તજી,
સર્વ દેવના છો દેવ નહી સેવસજી;
ભુલ્યો હું તો ભુત ભજી હૈયું ઊઘડે ન હજી જયજયજયજય પ્રભુ.

સદા શીવસુત કેશવદાસ આશ ધરે,
મહાવીર સ્વામી સેવક મંડળી ગુણ મધુર સ્વરે;
તારૂં નીત્ય સ્તવન કરે સદા આનંદ ધરે જય જય જય જય પ્રભુ૦

ગાયન ૬૩ મું.

કેવો શોભે છે અજબ આંગીનો રંગ,
આહા એતો મન કરે છે મારૂં ડંગ. કેવો૦
મુગટ માંહી મોતી પુર્યાં છે રંગીબેરંગી ચળકે છે
ગારા નંગ. કેવો૦
કાને કુંડળ હાથોમાં શ્રીફળ જોઈ જીગરમાં
જામે ઊમંગરંગ. કેવો૦
ચીંતા ચુરે આશા પુરે ઠરે ચીંતામણી દર્શનથી નેનમન. કેવો૦

ગાયન ૬૪ મું.

( બતાદે સખી કોણ૦ )

સુભાવે સેવું પદ્મપ્રભુ મહારાજ, પદમપ્રભુ મહારાજ.
સુભાવે૦
અચળ આભેદીરે, અકળ એ વંદીરે, ભવજળતારણ જહાજ.
સુભાવે૦
અચળ અદ્દછેરે, અગમ અખેદીરે, નીરમળ મમ સીરતાજ.
સુભાવે૦

પર ઉપકારીરે, વાણી તમારીરે, શીવપુરના સીરતાજ.
સુભાવે૦

જય જયકારીરે, જાઉં બલીહારીરે, જય જય શ્રી જીનરાજ.
સુભાવ૦

કહે ટોકરસીંહરે, તુમપદ સ્પર્શરે, મંગળ સો મમકાજ.
સુભાવ૦

ગાયન ૬૫ મું.

( થાર તુજે ઉપકાર૦ )

સેવા કરાવી સાર, પ્રભુચી, સેવા કરાવી સાર,
શ્રી અંતરીક્ષ પાર્શ્વપ્રભુજીયેં, દેઉલ પહા સુખકાર. પ્રભુ૦

તીકડે જાઉની દર્શન ધ્યાવે, પાયા પડુની વારંવાર. પ્રભુ૦

કેશર ચંદન ચર્ચુની આંગી, ચઢવા ચંપકહાર. પ્રભુ૦

રાય પસેણી જ્ઞાતા અંગ હે, ઐકુની કરા સુવીચાર. પ્રભુ૦

પુજેયેં.ફલ આહે સાંગીતલે, હીત સુખ મોક્ષ ઉદાર. પ્રભુ૦

રોગ શોગ ભય ત્રાસ ન ત્યાલા, ઉતરાવે ભવપાર. પ્રભુ૦

હંસ સાંગતો સેવે વાચુની, કોણ તુમ્હા આધાર. પ્રભુ૦

## ગાયન ૬૬ મું.

### ( મારો પાવન કરીએ પલંગ૦ )

ભાવે ભજીએ શ્રી સીતળનાથ, દાતા સહુ સુખના સ્વામી.
કરૂં વીનતી જોડી હાથ, દાતા૦ મુક્તિ નગરનો તુંહીજ સાથ.
દાતા૦

સાખી—ભવ દવ તાપ મટાવવા. સુધાસમ તુજ દેહ,
દ્રવ્યભાવથી પુજતાં, નાસે રોગ મોટા હોય જેહ. દાતા૦

સાખી—આ સંસાર અસારમાં, પામ્યો દુઃખ નીરાસ.
સીતળતા જોઇ તાહરી, હવે થઇ છે સુખ તણી આશ.
દાતા૦

સાખી—વસ્તુ જગમાં તે નહી, જીન ભક્તિથી ન હોય,
ન થયો ઉદ્યોત આદીત્યે, તો શું બીજો પ્રકાશક કોઈ.
દાતા૦

સાખી—તુજ સેવા કરતા થકાં, આણુ આરાધક જેહ,
જન્મ મરણ ભયથી ટળ્યાં, પ્રભુ બીજાથી કેમ હોય તેહ.
દાતા૦

સાખી—તું સુરતરૂ ચીંતામણી, કામ ગવી કુંભ કામ,
સોમ રાજેંદ્ર તુમ ધ્યાનથી, પામે અવીચળ લીલાધામ.
દાતા૦

ગાયન ૬૭ મું.

( મોહી રહયો છું મંદ હાસ્યમાં૦ )

જોઈ રહ્યો છું લોકાકાસમાં, પ્રભુજી મારા. જોઈ૦
તુજથી છાની નથી વસ્તુ કાંઇ વિશ્વમાં,
જ્ઞાન કેવળ દર્શન આભાસમાં, પ્રભુજી મારા. જોઇ૦

ધર્માધર્મ કૃત્યાકૃત્ય જીવાજીવને,
દેખો જગતને આનંદ વીકાસમાં, પ્રભુજી મારા. જોઇ૦

ચઊગતી જીવ હેત હેતે ચઊ મુખથી,
બેસી સમવસરણ આવાસમાં, પ્રભુજી મારા. જોઇ૦

ભવીહીત કારણ વાણી પ્રકાશો,
અતી સગુણના વીલાસમાં, પ્રભુજી મારા. જોઇ૦

નીસકારણ પ્રભુ તમે ઊપગારી,
જીમ રવી સશી કાંન્તી ઊજાસમાં, પ્રભુજી મારા. જોઈ૦

અષ્ટ મહા પ્રાતી હાર્ય તુજ દેખી,
પ્રાણી પડે ન અષ્ટ કર્મ પાસમાં, પ્રભુજી મારા. જોઇ૦

પુર્વ સંચીત અધપીણ ક્ષય પામે,
તુજ રટણ એ શ્વાસોશ્વસમાં, પ્રભુજી મારા. જોઇ૦

સમ દ્રષ્ટી તુજ મુદ્રા મન હરણી,
સુરનર સેવે ઊલ્લાસમાં, પ્રભુજી મારા. જોઇ૦

ભવી પુજો શ્રી કુંથુનાથ સ્વામી,
નીત્ય ભક્તિ એ આત્મ અભ્યાસમાં, પ્રભુજી મારા. પ્રભુ૦

જન્મ મરણ દુઃખ વીરમાં રાજેંદ્ર મીલ્યો,
અનંત જ્યોતી પ્રકાશમાં, પ્રભુજી મારા. પ્રભુ૦

ગાયન ૬૮ મું.

( સખી પરભવ પાપ અમાપ૦ )

હાંરે સખી ઉંચો ગઢ ગીરનાર, સુંદર રળીયામણો,
જ્યાં તરૂઆની ભાર અઢાર, જગતવસ કામણો,

ત્યાં વસે મુજ ભરથાર, નંદન શીવાદેવીના,
બ્રહ્મચારી શ્રી નેમીકુમાર, ન રૂચે મુજ તે વીના. હાંરે૦

ન સોહાય અવરનું નામ, એમ કેતી રાજેમતી,
પહોતી નીજ સ્વામીને ધામ, દ્રઢ સ્નેહે મહા સતી,

અવીહડ પ્રીતી પતી વામ, અવીનાશી એ દંપતી,
લહી અક્ષય સ્થીતી નીદાન, શીવ સુખની સંપતી. હાંરે૦

ભવી તુમે મહીમા જાણ, વંદી થાઓ ઉપસમી,
ગુરૂ મુખ સુણી વાણ, મીથ્યાત્વ જાઓ વમી,

ઓત્ર બીજ તણી એ ખાણ, અનેક જીહાં સંજમી.
જીહાં જીન નેમી નીરવાણ, પામ્યા ટુંક પંચમી. હાંરે૦

દ્રવ્ય ક્ષેત્ર ને કાલ ભાવ, નીમત શુભ મેળવી,
મોહરાયને ખેલી દાવ, નીર્મલ કરો ગેલવી,
રેવતગીરી નીત્ય ધ્યાવ, જ્ઞાનથી જીવ હેલવી.
લહો મુક્તિનો રાજેંદ્ર લાવ, અક્ષય સુખ કેવલી હરિ૦

ગાયન ૨૯ મું.

( સુણો સજન સંધ્યા૦ )

શ્રી સમેતસીખર ગીરી, નીત્ય હું પ્રણમું ભાવે,
જીહાં સીદ્ધી વર્યા જીન વીસ, ફરી નહી આવે,
વળી એ સમ નહી સંસાર, અવર ફરી જોવા,
વંદીને ચરણ જીન વીસ, કર્મ મલ ધોવો. શ્રી૦
જીન સહસ મુની પરીવાર, અજીતથી સુમતી,
પ્રભુપદમજી ત્રણસે મહંત, જે ટાલે કુમતી. શ્રી૦
પ્રભુ પંચસર્યા સુપાર્શ્વ, શ્રી ચંદ્રથી જાણો,
શ્રેયાંસ લગે અણગાર, સહસ પ્રમાણો. શ્રી૦
ખટ સહસ શ્રમણને સાથ, વીમળજીન સીદ્ધા,
નીજ સાત સહસસું કાજ, અનંત જીન કીધા. શ્રી૦
એકસો આઠ જીન ધર્મ, શાંતી પ્રભુ નવસે,
જીન કુંથુઅર એક સહસ, ચીત મુજ ઊલસે. શ્રી૦
મલ્લીનાથ સતપાંચ, મુની નમી સહસે,
ત્રેવીસ જતી સંગાથ, પાસ જીન વીકસે. શ્રી૦

સતાવીસ સહુસ તીનસે, ઓગણપચાસ,
જીન પરીકર બીજા, કેઇ મીલ્યા શીવ વાસ. શ્રી૦
ટુંક જુહારો વીસ, પાસ સામળને પુજો,
અસંખ્ય ભવોના કર્મ, સંભારી ધ્રુજયો. શ્રી૦
અંતર રીપુ જયકારક, પામી હું પ્રણમું,
રાજેંદ્ર ભવો દધી તાર, કર્યું તુજ શરણું. શ્રી૦

ગાયન ૭૦ મું.

( મેતાજીરે શું મહીં૦ )

સુખકારીરે સાન્તી જીણંદ સોભાગી, મને સેવાની રઢ લાગી,
દુનીયામાંરે, અવર નહી વડભાગી, પ્રભુ ચક્રીપણું તે ત્યાગી,
નીજ ગુણના થઇ રાગી, ધરી સંજમ યોગ વૈરાગી,
ભવ ભટની ભાવઠ ભાગી, પ્રભુ શાંન્તીરે, તુજ ગુણનો હું રાગી. મને૦

ભવી સેવોરે, એ જીનને સુખકારી, બલીહારી હું વાર હજારી,
ભવ પુરવેરે, કપોતના પ્રાણ ઊગારી, દીધું દાન તે જગ વીદારી,
તું શરણાંગત આધારી, દયા ધર્મના કીર્તીકારી,
તુજ મુર્તી મોહનગારી, ગુણવંતારે, તુજ શોભા જગસારી. મને૦
વિશ્વસેનરે, અચીરા માતાના જાયા, જશ કંચન વરણી છે કાયા,
જગસેવેરે, વિદ્યાધર નરરાયા, ઇંદ્ર ચોસઠ સેવે પાયા,
તજી કામ ક્રોધાદી માયા, મુની હૃદય કમળમાં ધ્યાયા,
દેવ દેવી મળી ગુણ ગાયા, તુજ સેવારે, કીધી તે સુખ પાયા. મને૦

રાય રાજારે, શીવ સુખના કરનારા, પ્રભુ ભક્તનું દુઃખ હરનારા.
તુમે આવોરે, મન મંદીરમાં મારા, કદી ચીત્તથી ન કરૂં ન્યારા,
અમે સેવક છીએ તારા, જીવ જીવન તુંહી આધારા,
કરો કરૂણા શાન્તી પ્યારા. મન મોહન કરૂણાકારા,
રાજેંદ્રનેરે ભવ દુઃખ પાર ઉતારા. મન૦

## ગાયન ૭૧ મું.

### ( મારા મનમાં તનમાં ભર્યો૦ )

પ્રભુ રાગ ને દ્વેષને મારી, વીમારીને મુક્તિ મેળવવા જાઓ.
પ્યારા તજી પુરવ ભવમાં, જાઓ ન જીવ ન જાઓ. પ્રભુ૦
ખાવું પીવું વળી ખેલવું હાય, ઝેર સમાન ગણાય,
હદ થઈ વાલ્હા હવે મનાવો, વાલમ રથ વળાવો. પ્રભુ૦

## ગાયન ૭૨ મું.

### ( પુનમ ચાંદણી૦ )

શ્રી જીન શાન્તી પ્રભુજી પરમાત્મારે, વાલા રાણી અચીરાનો નંદ,
રસીયા વસીયા પ્રભુજી અમ અંતરેરે,
સોવન વરણી આંગીઓ દીપે ઘણીરે,
તકતા હાંડી ઝમરૂખ ઝળકે ઝાક ઝમાળ. રસીયા૦

સાખી—મોટા દેરાસર માંહે, પ્રતીમા શાન્તીજીણંદ,
સુમતી ચઊમુખ વંદીએ, વાણી અતી ઊમંગ,
સખી આંગીઓ ખીલી છે, વીધ વીધ ભાતનીરે,
ખમીસ કબજા જાકીટ જાતો જાત. રસીયા૦
સાખી—અચળા કુખે અવતર્યા, વીશ્વસેન કુલચંદ,
ગગને તારા ઝળકીયા, રવી પ્રગટયો જેમ ચંદ.
મોગર ડોલર ગુલાબ કે ગુલદાવડીરે,
કેવડો રંગ મંડપમાં લહેકી મેહેકી જાય. રસીયા૦
સાખી—બાંહે બાજુબંધ બેરખાં, ગળે મોતનકા હાર,
કાને કુંડળ ઝળકીયાં, લીલમણી તેજ અપાર,
હુંસે આંગીઓ રચાવે નરને નારીઓરે,
તેજે ઝળકે ચળકે ચુનીઓ અપાર. રસીયા૦
સાખી—સ્મરણ કરૂં શાન્તીનાથનું, મંત્ર ભણું નવકાર,
ધીર વીમળ કવી જાણજો, તે લેશે ભવપાર,
સીદ્ધાચળ ઊપર આદેશ્વર શોભે ઘણારે,
જેના દેશ પરદેશે ગુણ ગવાય. રસીયા૦

ગાયન ૭૩ મું.

આવો આવોને રીસાઓ નાવરીયા,
નાવરીયા, મોરા સાવરીયા. આવો૦
મુકી રોતી રાજુલનાર, તોડી નવ ભવ કેરો પ્યાર,
ઘટે જવું નહી ગીરનાર, ઊરે પ્રગટાવી અંગાર,
મને કરીને જાઓ બાવરીયા. આવો૦

પીયુ અમ ફજેતી ન થાય, તમ તાત કુળ લજવાય.
રથ પાછો વાળો વરરાય, દયા લાવો દીલડા માંય,
નેમ નમેરા ન થાઓ નાવરીયા. આવો૦

ગાયન ૭૪ મું.

( બરવા ગુંથન દે૦ )

મુખડા દેખન દેરે સુભાગીઆ, મુખડાં દેખન દે,
અહો મેરે પ્રભુજીકી ચંગીરે અંગીઆં મુખડાં દેખન દે,

એકતો દેખના ચંદ્રમુખી પ્રીયા, દુસરા દેખના દી,
તીસરા દેખના પ્રેમકી બતીયાં, મેરા પ્રીયાકાજી. અહો૦

એકતો ઢુંઢું મેં બાગ બગીચા, દુસરા ઢુંઢું બજાર,
ચુન ચુન કલીયાં ફુલકી રચના, રચું મેરે કીરતાર. અહો૦

જેણે જો પીયા અમીકા પ્યાલા, ન ગમે નઠારાં નીર,
જેણે જો દીઠાં સ્વર્ગકા સુખડાં, તીનકું ન ગમે પીડ. અહો૦

છેલ છબીલી પાર્શ્વકી મુર્તી, નગર બલદુર મોજાર,
નેનોકે રસ નવ સશી કે વર્સે, નીરખે જય જયકાર. અહો૦

સુરી રાજેંદ્ર ગુરૂ દમ્મીલકે રાજ્યે, વચનાચાર્યરાજ,
ધન્ન મુનીમનયા છબી પ્યારી, તારણ તરણજહાજ. અહો૦

ગાયન ૭૫ મું.

( તાલ ખમેટા૦ )

ઘન ઘટા ભુવન રંગ છાયા જીણંદ ગુણ ગાયા ખુશી થાયા.
પ્રભુ તું છે નીરંજન અલેખી, મને જ્ઞાન આવે તુજ દેખી,
તમે મોહ માયાના ત્યાગી, પ્રભુજી મુને તારો પાર ઊતારો. ઘન૦
પ્રભુ અરજી અમારી ઊર ધારો, મારાં પાપ તમે નીવારો,
હવે નથી બીજો કાંઇ આરો, પ્રભુજી મુને તારો પાર ઊતારો.
ઘન૦
સુરત સંગીત મંડળી આવી, મન વાંછીત ફળ એ પાઇ,
તોરા દર્શન જોઈ ખુશી થાઇ, પ્રભુજી મુને તારો પાર ઊતારો.
ઘન૦

ગાયન ૭૬ મું.

( શ્રી સંખેશ્વરા૦ )

શ્રી જગતપતી પ્રભુ વાર કુમતી,
પાપ તાપ કાપી આપ મુજ સુમતી,
ભવજળ તારણ દુઃખ નીવારણ, નીરય નીવારણ દેવ,
મુક્તિકારક ભવી ભયવારક, વાસવસારે સેવ. શ્રી૦
જગ જન રંજન ચંદન શીતલ, સુવિધીનાથ ભગવાન,
વામાનંદન દુરીત નીકંદન, આપો શીવ ફળદાન. શ્રી૦

સુગ્રીવ નરપતી કુલતમીપતી, ઈંદુ નીર્મળ કાય,
અવીચળ ધામી ગુણ ગણ ગામી, વંદન કરીયે પાય. શ્રી૦

પરમ દયાળુ પરમ જીનેશ્વર, સકળ દેવ શીરતાજ,
ભવ રત્નાકર પાર ઊતારી, સારો કીંકરકાજ. શ્રી૦

જૈન પ્રવર્તક મંડળ વંદે અવીરત પદ અરવીંદ,
માણીકને અમૃતપદ આપો, અરીહા કુશલકંદ. શ્રી૦

## ગાયન ૭૭ મું.

## ( કેશરીયા થાશું૦ )

જીન રાજા તાજા મલ્લી બીરાજે, ભોયણ ગામમાં,
દેશ દેશકે જાત્રાળુ આવે, પુજા સરસ રચાવે,
મલ્લી જીનેશ્વરનામ સમરકે, મનવાંછીત ફલ પાવે. જીન૦

ચતુર વરણ કે નરનારી, મીલ મંગલ ગીત કરાવે,
જય જયકાર પંચધ્વની વાજે, શીરપર છત્ર ધરાવે. જીન૦

હીંસકજન હીંસા તજી પુજે, ચરણે શીશ નમાવે,
તું બ્રહ્મા તું હરી શીવશંકર, અવર દેવ નહી ભાવે. જીન૦

કરૂણારસ ભર નયન કચોળે, અમૃતરસ વરસાવે,
વદન ચંદ્રચકોરજ્યું નીરખી, તન મન અતી ઊલ્લાસે. જીન૦

આતમ રાજા, ત્રીભુવન તાજા, ચીદાનંદ મન ભાવે,
મલ્લી જીનેશ્વર મનહર સ્વામી, તેરા દરસ સુહાવે. જીન૦

## ગાયન ૭૮ મું.

### ( ચોકને આગણે૦ )

આજનો દીન રળીયામણોરે, દીઠા પ્રભુનો મુખ મુખરે,
કમળ સુકોમળ શોભતું,
આંગી બની અતી ચંગ ચંગરે, સોનેરી વરખે સોહામણી,
સાખી—મુગટ બન્યો હીરા તણો, કાને કુંડળ સાર,
બાંહે બાજુબંધ બેરખાં, કોટે નવસેરો હાર.
શાન્તી મુરત છે મુજ મન પ્યારી, વારી જાઊં વાર હજારીજીરે,
ક્ષમા ભંડારી દયા દીલ ધારી, કુમતા કુટીલતા વારી વારીજીરે,
શાંન્તી મુરત છે મુજ મન પ્યારી, સ્તુતી કરૂં હું પ્રભુજી તમારી.
શાંન્તી૦

સાખી—પારેવો ઊગાર્યો પ્રેમથી, તીર્થંકર પદ લીધ,
અનોપમ પદવી ભોગવી, કર્મ સકળ ક્ષય કીધ,
શાંન્તી પ્રભુના ગુણ અનંતા, ક્ષમાથી રૂડા દીપાવોજીરે,
ક્રોધ માન માયા નહી જેહને, નીર્લોભી પ્રભુ સારા છો જીરે.
શાંન્તી૦

સાખી—રાગ દ્વેશ રહીત પ્રભુ, અરૂપીને અવીકાર,
ત્રણ ભુવનમાં શોભતા, સહુને આનંદકાર,
પ્રભુજીને પાયે લાગ્યો, સદા નમુંરે હું તો સદા નમું,
મારા શાંન્તી જીનેશ્વર દેવ, હો રાજ પ્રભુજીને પાયે લાગ્યો,
સીદ્ધી સદા સુખ આનંદકારી, જય જય મંગળકારીજીરે,
પ્રભુજીને પાયે લાગ્યો.

### ગાયન ૭૯ મું.

અભીનંદન મન રંજન, ભય ભંજન તું ભગવાન,
જયાંથી પ્રતીમા જીન તણી કરૂં પ્રણામ, તેની ઠામ,
ધર્મ પર પ્યાર, દીલ ધરૂં અપાર, આબાલ, સંભાલ,
તતકાલ, દયાલ તું. અભીનંદન૦
શેત્રુંજે શ્રી આદીદેવ નમું ગીરનાર, નેમ જુહાર,
કર્મ શત્રુ મોજ, ભવપાર, તું તાર, આવાર,
જયકાર તું અભીનંદન૦
કરજોડીને વીનતી કરૂં ભવતરવાર, દુઃખ હરનાર,
કર્મ શત્રુ મોજ, કીરતારી, આવારી, જયકારી તું. અભીનંદન૦

### ગાયન ૮૦ મું.

( મધુર સ્વર કયાંથી આ૦ )

ચતુર નર આ સંસારઅસાર, તજવો એ સુખકાર. ચતુર૦
સ્વારથીયાં દીસે સહુ કોઇ, સઘળે જુઓ નરનાર,
શું મોહીને રાખો મમતા, તારૂં નથી ત્યાં લગાર. ચતુર૦
તત્વ થકી તું જોને તપાસી, લાવી વીવેક વીચાર,
અંતરે સીદ્ધી જોને અખંડીત, ત્યાગી બાહ્ય પ્રચાર. ચતુર૦
રાગ દ્વેશને દુર નીવારી, આતમ પર કરે પ્યાર,
સાણંદ પદ્મપ્રભુ જીન મંડળી, બુદ્ધી લહે સુખસાર. ચતુર૦

## ગાયન ૮૧ મું.

## ( ઊગ્યો સખી સૃષ્ટીનો૦ )

જોને પ્યારા આંગીની શી બહાર. આ...
ચાલ્ય ચાલ્ય જોવાને મુદ્રીકા.
મુગટમણી કંડે મોતીમાળઆ,
સાન્તીનાથ વદન મુખચંદ્રીકા,
સાખી—ધન્ય ધન્ય ઐાયરસ માતને, જાઓ શાંન્તી કુમાર,
ત્રીભુવન જીવને સુખ કરો, આશીર દે સુર નાર.
બાંસરી બાજે મંડપમાંય, અપછરા નૃત્ય કરેરે,
સુરવંતી ચોસઠ મળીયા ત્યાંય, પ્રભુ શીર છત્ર ધરેરે.
રંગ ભેર રમી રસીક દેઇ તાળ, કાપવા કરમ કઠીણુ જંજાળ.
સાખી—ભવ અટવી ભમી આવીઓ, પ્રભુજી તુમ દરબાર,
સાણંદની આ મંડળી, ભવ દધી ઊતરનાર. જોને૦

## ગાયન ૮૨ મું.

નેમજીની સુણીએ જરી, અરજ મેરી દીલમાં ધારી, હાં.
રથ ના ફીરાવો વીચારી અમારી વાત,
નેમજી મારા દીલના પ્યારા છો જદુ કુલ જાન. નેમજી૦
આઠ ભવ રાખી પ્રીત તમારી સાથ,
રાજુલ નારી કેમ વીસારી, છોડીને જાઓ નાથ. નેમજી૦
ગીરનાર જઈ સંજમ લઈ થાય સુખ અપાર,
શ્રી મહાવીર જીન મંડળી, કહે વંદુ વારંવાર. નેમજી૦

### ગાયન ૮૩ મું.

### ( લાજ લીધી એ બાપ૦ )

સુખ થયું એ નાથ સુખ થયું, મુખ દેખીને પાપ દુર ગયું. એ૦

અમે ફર્યાં અનંતા કાળ, આજ શરણે આવ્યા બાળ,
હવે ખરા વીચારે કહ્યું. એ૦

મુગટ ઝળકનાર, જડીત મણીનો હાર, કુંડળની બની બહાર,
પ્રણમું હજાર વાર, જય જય જય જય જય. એ૦

મદમાતો થઇ ફર્યો, પરનારી સંગ કર્યો, પાપ કરી પોઠી ભર્યો,
જ્ઞાન તો હૈયે ન ધર્યો, જય જય જય જય જય. એ૦

જૈન ભાવ સુખ પાવે, નરનારી જૈન ધ્યાવે, પ્રાણદાસ ગુણ ગાવે,
રોગ આજ દુર જાવે, જય જય જય જય જય. એ૦

### ગાયન ૮૪ મું.

### ( કસુંબી કસુંબી કસુંબી૦ )

શ્રી શાંતી, શ્રી શાંતી, શ્રી શાંતી, શ્રી શાંતીનાથ નમીએ,
શરણે સુધારક નાથ અનાથ. શ્રી૦

છે જુઠી આ કાયા, આ કાયા, આ કાયાને વળી માયા. શરણે૦
મેં માન્યું આ મારૂં, આ મારૂં, આ મારામાં મન ફસીયું. શરણે૦

હવે જાણ્યું જવું ઠાલું,જવું ઠાલું,જવું ઠાલું આ જગમાંહી. શરણે૦
નમું ચરણે,નમું ચરણે, નમું ચરણે,નમું ચરણે એક આશે. શરણે૦
મુને તારો, મુને તારો, મુને તારો, મુને તારો ભવસાગરથી.
વીનવે છે ચુનીલાલ,આ બાળ,આ બાળ, શ્રીશાંતીનાથ નમીયે.

ગાયન ૮૫ મું.

પાર પ્યારા પ્રભુજી ઊતારો મને,
તારો મને નાથ તારો મને. પાર૦

તમે બાળક હરનીશ સ્વામી તને,
સાથે લેવાનું ના કહે તો નહી બને,
અમે રહીશું હમેશાં તમારી કને,
તારો મને નાથ તારો મને. પાર૦

સાખી સેવક વંદે ભાવથી વીનતી લેશો ઉર,
આવ્યો છું હું તુજ કને, સુખ લેવા ભરપુર.
( નાથજી આશા મને પુર્ણ છે )
તારો મને નાથ તારો મને. પાર૦

ગાયન ૮૬ મું.

પાર્શ્વનાથ દર્શ આજ દયો અમોનેરે,
શું જુઓને સામું શું કહીએ તમોનેરે. પાર્શ્વ૦
શો ગુનો પડયો છે મારો, ગતી દુર નીવારો,
માનો અર્જ આજ, મુને સહાય તારોરે. પાર્શ્વ૦

એમ વાત કહી શું તમને, મોક્ષ પદ આપો અમને,
દુષ્ટ કર્મ કેડે પડયાં તે નીવારોરે. પાર્શ્વ૦
જીવ હીંસા કીધી ભારી. જીન વાણી હૈયે ન ધારી.
લંપટ લબાડને દેણાદાં આરોરે. પાર્શ્વ૦
જૈન ભક્તિ કરે દેવા. પ્રાણ માગે ચરણ સેવા,
આનંદ થાય દુઃખડાં જાય તેવું ધારોરે. પાર્શ્વ૦

ગાયન ૮૭ સું.

( કપટ હે પતી૦ )

ધર્મ નાથજી અર્જ માહરી, દુઃખથી ડરી કહું છું કરગરી,
આપ છો પ્રભુ હે દયાનીધી. કરી દયા ખરે આપો શીવ સીદ્ધી.
કર્મ શત્રુયે બાહુ મને દમ્યો, ભવ ભવાબ્ધીનાં ચક્ર હું ભમ્યો,
માત તાતને નારી વલ્લહાં, ભ્રાત ભગનીને પુત્ર જે કહ્યાં.
જોતાં સ્વાર્થના તે સગાં સહું, કર્મ પીડતાં દુઃખ હું સહું,
લાખ ચોરાશીમાં આવ્યો હું ફરી. કર્મને અરે શર્મ નાહી જરી.
નીગોદકીનાં દુઃખ મેં લહ્યાં, પરમાધામીનાં માર મેં સહ્યાં,
અર્જ માહરી ઉરમાં ધરી, બાળ મીત્રને તારજો ખરી.

ગાયન ૮૮ સું.

( થયા છોરે પતી૦ )

પ્રભુ છોરે સમુદ્ર વીજયના પુત્ર તમે નેમીનાથ,
સીવાદેવી માત તુમારી જાદવ કુળ પ્રખ્યાત;

લઇ જાને, આખુ ગામ, મનમાં હાંમ, તેની ઠામ,
એમ નેમીનાથ તુમે છો રંગીલા, કૃપા કરોને આજ. પ્રભુ૦
નેમીનાથ પ્રભુ તીહાંથી ચાલ્યા, ઊગ્રસેનના દ્વાર,
રસ્તે જોયાં, પશુ રોયાં, મનમાં મોહ્યા, તનમાં રોયાં;
એમ સારથીને કહે, રથ આ ફેરી ચાલો ગઢ ગીરનાર. પ્રભુ૦
રાજુલ ત્યાં સમજાવા આવી, નેમીનાથની પાસ,
ઝાલો હાથ, મારા નાથ, આવું સાથ, જોડી હાથ;
એમ પ્રબોધક મંડળી ગાવે, ઊતારો ભવપાર. પ્રભુ૦

ગાયન ૮૯ મું.

( માડું લગાડો મારા સમ૦ )

ભાવે આરાધો શ્રી સીધ્ધચક્ર સ્વામીરે,
પુન્ય જોગથી તુમે નરભવ પામીરે. ભાવે૦
વીધી સહીત ઓળી, આંબેલની કીજેરે,
નવ પદ, મહીમાએ સહુ સુખ રીજેરે. ભાવે૦
પ્રથમ પદ છે અરીહંત ઊપગારીરે,
બીજે થયા સીદ્ધ કર્મને વારીરે;
આચારજ પદ ત્રીજે ગચ્છ આધારોરે,
ચોથા ઊપાધ્યાય જ્ઞાન દાનના દાતારોરે. ભાવે૦
પાંચમે પદ સરવે સાધુ નર લોકેરે,
નમો પંચ પરમેષ્ટી મળી થોકે થોકેરે;
સમકીત પદ છઠે અનેક એક ભેદરે,
સાતમે જ્ઞાન પંચ અજ્ઞાનને છેદરે. ભાવે૦

આઠમે ચારીત્ર પદ સરવે દોષ ટાળેરે,
નવમે દ્વીવીધ તપ કઠીણ કર્મ બાલેરે;
અરીહંત થાપી મધ્ય સીધ્ધાદી ચઉદેસેરે,
દંસણાદી, ઠવો વીદેસે સું લેશેરે. ભાવે૦
કરી રચના અષ્ટ કમલ દલ રંગેરે,
આતમ ધ્યાને ધ્યાવો અનુભવ સંગેરે;
આભવ પરભવ એ ઊપગારીરે,
સુખ આશી ભવી તુમે જુઓ વીચારીરે. ભાવે૦
કઇકે આરાધ્યા નવ પદ થઇ લીનારે,
આદરી દ્રવ્ય ભાવે નીજ સુખ ચીનારે;
શ્રીપાલપરે સુખ વીલશી શીવ જાવેરે,
રાજેંદ્ર ગુણ એના સુર નર ગાવેરે. ભાવે૦

ગાયન ૬૦ મું.

મલીનાથ મહારાજજી, વાત સુણાને જીનરાજજી,
કર્યાં કર્મ મને રાંક (૨) કર્યો પાપ મારો વાંક;
શરણ કર્યું છે મેં આજજી, પ્રભુ શરણ કર્યું છે મેં આજજી.
મલીનાથ૦

કરી નીંદા અપાર (૨) કર્યો પાપ વેપાર,
કહેતા આવે છે મને લાજજી, પ્રભુ કહેતાં આવે છે મને
લાજજી. મલીનાથ૦

નાહી જપ તપ ધ્યાન (૨) કરી માન ભુલ્યો ભાન,
હરીયે બુડ્યું છે મારૂં જહાજજી, પ્રભુ હરીયે બુડ્યું છે મારૂં
જહાજજી. મલીનાથ૦

ભજ્યા કુગુરૂ કુદેવ (૨) તજી જીનરાજ સેવ,
કુમતી નડી દગાબાજજી, પ્રભુ કુમતી નડી દગાબાજજી.
મલીનાથ૦

જપે જાપ ખપે પાપ (૨) મટે તાપને સંતાપ,
સફળ થાય સો કાજજી, પ્રભુ સફળ થાય સો કાજજી.
મલીનાથ૦

કરૂં વીનતી દયાળ (૨) સુણો પામરપાળ,
જૈન સભા સીરતાતજી પ્રભુ જૈન સભા સીરતાતજી.
મલીનાથ૦

## ગાયન ૬૧ મું.

વીમળાચળવાસી મારા વાહલા, સેવકને વીસારો નહી,
વીસારો નહી,

જળ વીરચીના દુઃખ અતીપામે, જીણંદ આપ જાણો
સહી જાણો સહી,

ભવીજીન પ્યારા, દુઃખ હરનારા, શરણે છું મહારાજ,
ચાર ચોર મુજ કેડે પડીયા, પુણ્ય રતનને કાજ. સેવક૦

પાપી ચંડાળો પકડી મુજ, માલ હરી લેનાર,
જીનજી જો મુજ વારે આવો, તો છું ઊગરનાર. સેવક૦

જન્મ મરણનાં દુઃખજ વેઠયાં. તોપણ ના આવ્યો પાર.
તે દુઃખને દુર કરવા કારણ, આવ્યો તુમ દરબાર. સેવક૦
અરજી શીર ધરી, નેહ નજર કરી, સેવકની કરો સાર,
કૃપા તણા એ સીંધુ તુમ વીણ, કોણ ઊતારે પાર. સેવક૦
ભવ દુઃખભંજન ભગવત કેરા, મુજ કઠીણ કરમનો નાશ.
પદ પંકજ કહે પ્રાણ મધુકર, પુરો મનની આશ. સેવક૦

## ગાયન ૯૨ મું.

## ( ઘરસેં ઈહાં કોન ખુદાકે૦ )

ચીંતામણી પાર્શ્વપ્રભુ અર્જ કરૂં મેં તુજકું,
અબ મેરી અર્જ સુની પાર ઊતારો મુજકું.
શત્રુ મેરે અષ્ટ કર્મને ફંદમે ફસાયા મુજકું,
તુમ બીના ઓર નહી ફંદ છોડાયા મુજકું.
જ્ઞાન ધ્યાન તપ જપ નહી ઊદય આવે મુજકું,
એક તેરા નામકા હે આધાર પ્રભુ હે મુજકું.
નરનારી સુરવર નીત્ય નમે હે તુજકું,
મેરા મનમે તો પ્રભુ ધ્યાન ધરૂં મેં તુજકું.
કલ્યાણ નીધાન પ્રભુ અરજ કરે હે તુજકું,
ચંદ ગોપાળ કહે દરસ દેખાવો મુજકું. ચીંતામણી૦

## ગાયન ૯૩ મું.

### ( દુઃખી તું દીકરી મારી૦ )

ગઢથી ગઢથી મેં મદીર આજ, વાં બેઠથે શ્રી જીનરાજ.
કહુ કહું આંગીકી ગજબ બહાર, મન પ્રસન ભયા
પ્રભુકી નીહાળ.
મસ્તકમેં સોહે મુગટ અતીસાર કાનોમેં કુંડળ કીયે જલકાર,
ગલેબીચમાલા સોહે મોતીકી, બાજુ કડાં કંઠી સોહેનીકી.
સોનેકા સીંઘાસન બેઠેહે રાજ, ફુલકા સુંગંધ ભયા અતી આજ.
એસે સાહીબ સંભવ જીનરાજ, કરૂં મેં પ્રણામ પુરો મન કાજ.
કલ્યાણ નીધાનની પુરો આશ, ચંદ ગોપાલ તુમારો હે દાસ. ગઢ૦

## ગાયન ૯૪ મું.

### ( બંધ કીલ્લો બાપુ૦ )

ચાલો જઇએ સીદ્ધાચળ ગામ અમે દરશને જાશું રે. ચાલો૦
આદીશ્વર અલબેલા સ્વામી વસ્યા સીદ્ધાચળ ધામ. અમે૦
પરમ કૃપાળુ એવ પ્રભુજી પુજા કરશું તમામ,
પુજા કરતાં ભવના પાતીક જાએ અમારાં તે ઠામ. અમે૦
રાયણ તળે સમોસર્યા સ્વામી પુરવ નવાણું તે વાર,
ત્યાં પગલાંનાં દરશન કરતાં ઊપન્યો હરખ અપાર. અમે૦
જાત્રા જેણે એ સીદ્ધગેરીની કીધી નહી જરાય,
ત્યાં લગી એ માતાના ઊદરે નકી છે એમ મનાય. અમે૦

ગાયન ૯૫ મું.

( કામણગારી નારી કેહને૦ )

રંગે રાજુલ સંગે આવે જાદવનાથ ભારીરે,
નેમ પ્રભુ નીરમળ મન રાખી તારો નીજ જન આજ,
પોપટ પર કરૂણા કંઇ કરજયો રાખો મારી લાજ. રંગે૦

તન મન ધન અરપુ તમ પદમાં સેવું દીન દયાળ,
હરપળ નીશદીન જીન મંદીરમાં ગાઊ ગુણ વીસાળ. રંગે૦

પામર સમ હું પ્રભુજી છું પણ ટાળો ભવોભવ ફાંસ,
દીન ગણી દેવા દુઃખ હરજયો ધર્મ મંડળનો ખાસ. રંગે૦

ગાયન ૯૬ મું.

( દેવીરે રંભા જાણી૦ )

સંખેશ્વર સ્વામી અરજ સુણોને હમારી,
સુંદર મનોહર મુરત પ્યારી જાણુંયે ઊગ્યો ભાણ;
સંખેશ્વરમાં આપ બીરાજો શું કરૂં વખાણરે. સંખે૦

નામ એક સત આઠ આપનાં ઊપગારી અરીહંત,
વનારસી નગરીના વાસી ભય ભંજન ભગવંતરે. સંખે૦

સેવકનાં મન વંછીત પુરો ચીંતા કરશો ચુર,
શામાટે હવે દુર કરો છો આવ્યો છું હજુરરે. સંખે૦

દાદાજી દીધાં દરીશન મુજને જાણું છોરૂં આજ,
તુમ દરીશનથી સીધ્ધી થાશે રહેશે મારી લાજરે. સંખે૦

શ્રી જીન સંઘ મળી ગુણ ગાવે આજે વારંવાર,
સુત શશીને સંઘ સાને ભવનીધી પાર ઊતારરે. સંખે૦

ગાયન ૯૭ મું.

એ સુમતી જીવ વ્યભીચારી, તારી થવાની છે સારી. એ૦

રાખ પ્રભુ ઊપર પ્યાર, તું મનમાં વિચાર. એ૦

સાખી—જીવ પડયો જંજાળમાં, ભક્તિ મેલી દૂર,
દુનીયાને દરીયે ડુબતો, વધ્યું પાપનું સુળ. એ૦

સાખી—જીનવરને સેવો સદા રાખો પ્રભુમાં ચીત્ત,
દુઃખડાં દુર નીવારશે, શંભુ ગાવે ગીત. એ૦

ગાયન ૯૮ મું.

( ચાલો સાહેલી ભુવને૦ )

ચાલો ભવીકા ભાવ ધરીને, શ્રી જીનની ભક્તિ કરવા,
મોહને મારી માયા નીવારી, ભારી ભવજળથી તરવા.
નેહ થકી નીત્ય ધ્યાનજ ધરવા, સુંદર શીવ રમણી વરવા,
કામ ક્રોધ મદ મોહ તજીને, પુન્યકુંજ માંડો ભરવા,
મન વચને ને કાયે કરીજા, નાન અમરપદમાં ચરવા. ચાલો૦

## આરતી.

અપછરા કરતી આરતી જીન આગે,
હાંરે જીન આગેરે જીન આગે;
હાંરે એતો અવીચળ સુખડાં માગે,
હાંરે નાભી નંદન પાસ. અપ૦

તાથેઇ નાટક નાચતી પાય ઠમકે,
હાંરે દોય ચરણે ઝાંઝર ઝમકે;
હાંરે સોવન ઘુઘરા ઘમકે,
હાંરે લેતી ફુંદડી બાર. અપ૦

તાલ મૃદંગને વાંસળી ડફ વેણા,
હાંરે રૂડા ગાવંતી સ્વર ઝીણા;
હાંરે મધુર સુરા સુર નયણાં,
હાંરે જોતી મુખડું નીહાળ. અપ૦

ધન્ય મરૂદેવા માતને પ્રભુ જાયા,
હાંરે તોરી કંચન વરણી કાયા;
હાંરે મેં તો પુરવ પુન્યે પાયા,
હાંરે દેખ્યા તોરા દેદાર. અપ૦

પ્રાણજીવન પરમેશ્વર પ્રભુ પ્યારો,
હાંરે પ્રભુ સેવક હું છું તારો;
હાંરે ભવોભવનાં દુઃખડાં વારો,
હાંરે તુમે દીન દયાળ. અપ૦

સેવક જાણી આપનો ચીત ધરજ્યો,
હાંરે મારી આપદા સઘળી હરજ્યો;
હાંરે મુની માણેક સુખીઓ કરજો,
હાંરે જાણી પોતાનો બાળ. અપ૦

## મંગળદીવો.

ચારો મંગળ ચાર આજે મારે, ચારો મંગળ ચાર,
દેખ્યો દરશ સરસ જીનજીકો, શોભા સુંદર સાર. આજે૦
છીનું છીનું છીનું મનમોહન ચરચ્યો, ઘસી કેશર ઘનસાર. આજે૦
વિવીધ જાતીકે પુષ્પ મંગાવો, મોગર લાલ ગુલાલ. આજે૦
ધુપ ઊવેખોને કરો આરતી, મુખ બોલો જયકાર. આજે૦
હર્ષ ધરી આદેશ્વર પુજો, ચૌમુખ પ્રતીમા ચાર. આજે૦
હેયે ધરી ભાવ ભાવના ભાવો, જીમ પામો ભવપાર. આજે૦
સાંકળચંદ સેવક જીનજીકો, આનંદઘન ઊપકાર. આજે૦

## ગાયન ૧૦૧ મું.

રંગ રંગ રંગ રંગ આજે, આનંદ રંગ રંગ,
સુજ્ઞોની સભા મળી, આહા આહા ઊમંગ ઊમંગ. રંગ૦
તારા રાચ્યા સજ્જનો ધારી, અતી રૂડો પ્રસંગ. રંગ૦
છુમક છુમક તુમક તુમક, તાલ શું મૃદંગ. રંગ૦

ઝુમક ઝુમક છુમક છુમક, ઝાંઝરનો થનો ઝજંગ. રંગ૦
નાન કહે બાલો શ્રી જીનરાજજીનો સંઘ. રંગ૦

## ગાયન ૧૦૨ મું.

## ( શ્રી અજીતનાથ મહારાજ૦ )

હે જીણંદજી કરી પ્રીત આમ શું તોડી,
આ ભવ વનમાંહી મુજને ગયા કેમ છોડી. જીણંદજી૦
તુમ વીયોગે દુઃખ પામું સુજે નવ કાંહી,
હે જગતગુરૂ જગનાથ જાવું હુ કયાંહી. જીણંદજી૦
હે રત્ન સાગરમાંહી નાહી ખુટે કદી પાણી,
તેમ દયા તમારી નાથ જગતમાં જાણી. જીણંદજી૦
હે રાંક તણા જે વાંક માફ હવે કરજો,
નીજ સેવક ઊપર નેહુ નજર ઝટ કરજો. જીણંદજી૦
હું કરગરી કહું છું કંથ કષ્ટ મુજ કાપો,
કહે પ્રાણ મને તુમ ચરણની ચાકરી આપો. જીણંદજી૦

સમાપ્ત.

# અગાઉથી ગ્રાહક થઇ આશ્રય આપનારા સદ્ગ્રહસ્થોનાં નામો.

| | | | |
|---|---|---|---|
| ૩૬ | શેઠ | મોતીચંદ ભગવાનદાસ. | પુના |
| ૩૧ | ,, | વજેચંદ કીકાચંદ. | ,, |
| ૨૫ | ઝવેરી | ભીખુભાઇ મુલચંદ. | ,, |
| ૨૫ | શેઠ | મોતીચંદ કેવલદાસ. | ,, |
| ૨૫ | શા૦ | ગંગારામ પરતાપચંદ. | ,, |
| ૨૫ | ,, | મગનલાલ હરીચંદ. | ,, |
| ૨૫ | ,, | ભગવાનજી ખુમાજી. | ,, |
| ૨૫ | ,, | ગુલાબચંદ સુંરતંજી. | ,, |
| ૨૫ | ,, | બબાલાલ લલ્લુભાઇ. | મેસાણા. |
| ૨૫ | ,, | જવેરદાસ હરીચંદ. | નીપાણી. |
| ૨૧ | ,, | ગગલચંદ હાથીભાઇ. | પુના. |
| ૨૧ | ,, | ભોગીલાલ નગીનદાસ. | ,, |
| ૨૧ | ,, | અમરચંદ કપુરચંદ. | હડપસર. |
| ૧૫ | ,, | મોહનલાલ જેઠીરામ. | પેંઢામલી. |
| ૧૫ | ,, | ધનરાજ કીસનદાસ. | અહમદનગર. |
| ૧૧ | ,, | મોહનલાલ લીલાચંદ | ,, |
| ૧૧ | ,, | સવચંદ મોતીચંદ. | પુના. |
| ૧૧ | મોદી | પાનાચંદ દલછારામ. | ,, |
| ૧૧ | શા૦ | કીસનદાસ પ્રેમચંદ. | ,, |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | ,, | હીરાચંદ લીલાચંદ. | પુના. |
| ૧૧ | ,, | માણેકચંદ બલાખીદાસ. | ,, |
| ૧૧ | ,, | નાનચંદ રવચંદ. | ,, |
| ૧૧ | ,, | હસસુખ કસ્તુરચંદ. | ,, |
| ૧૧ | ,, | શીવનાથ લુંબાજી | ,, |
| ૧૧ | ,, | પોપટલાલ જયચંદ | સીન્નર |
| ૧૧ | ,, | લલ્લુભાઈ દેવચંદ | વાડગામ |
| ૧૧ | ,, | સવચંદ બેચરદાસ | ઘોડનદી |
| ૧૧ | ,, | વાડીલાલ રામચંદ | લોણી |
| ૧૧ | ,, | રવચંદ બેચરદાસ | પુંધરા |
| ૧૦ | સા. | નેમચંદ પીતાંબરદાસ | પુના |
| ૮ | ,, | ભીખુભાઈ લલ્લુભાઈ | ,, |
| ૮ | ,, | દેવચંદ હસીચંદ | લોનાવળા |
| ૭ | ,, | નથુરામ નાનચંદ | પુના |
| ૭ | ,, | પ્રેમચંદ લલ્લુભાઇ | ,, |
| ૭ | ,, | ભીખુભાઇ લખમીચંદ | ,, |
| ૭ | ,, | માણેકચંદ કરમચંદ | આંબેગામ |
| ૭ | ,, | લલ્લુભાઈ વનમાલીદાસ | તલેગામ |
| ૫ | ,, | હીરાચંદ હુકમચંદ | પુના |
| ૫ | ,, | બાદર પરતાપ | ,, |
| ૫ | ,, | ડાહ્યાલાલ ચકુભાઇ | ,, |
| ૫ | ,, | સીવલાલ મગનલાલ | ,, |
| ૫ | ,, | મોહુનલાલ ખુસાલચંદ | ,, |
| ૫ | ,, | વેણીચંદ ખેમચંદ | ,, |

| | | | |
|---|---|---|---|
| ૫ | ,, | સખારામ ડુંગરસી | પુના |
| ૫ | ,, | હીરાચંદ સીરચંદ | ,, |
| ૫ | ,, | મણીલાલ ડાહ્યાભાઈ | ,, |
| ૫ | ,, | છગનલાલ નાનચંદ | ,, |
| ૫ | ,, | દેવચંદ હરખચંદ | ,, |
| ૫ | ,, | ફુલચંદ ખેમચંદ | ,, |
| ૫ | ,, | વાડીલાલ દીપચંદ | ,, |
| ૫ | ,, | નેમચંદ વેણીચંદ | ,, |
| ૫ | ,, | પુનમચંદ નાલચંદ | ,, |
| ૫ | ,, | વેણીચંદ ભાઊચંદ | ,, |
| ૫ | ,, | મુલચંદ તલકચંદ | ,, |
| ૫ | ,, | જવારમલ વનાજી | ,, |
| ૫ | ,, | દીપચંદ હુકમચંદ | ,, |
| ૫ | ,, | જેઠીરામ મયાચંદ | ,, |
| ૫ | ,, | મોતીચંદ કેવલદાસ | ,, |
| ૫ | ,, | ભાઊચંદ સીતાપચંદ | ,, |
| ૫ | ,, | નેમચંદ જયચંદ | ,, |
| ૫ | ,, | કાલીદાસ જયચંદ | પુના લસ્કર |
| ૫ | ,, | દલસુખ દયાલજી | ,, |
| ૫ | ,, | અમુલેખ તારાચંદ | ,, |
| ૫ | ,, | માણેકચંદ બેચરદાસ | ,, |
| ૫ | ,, | જેઠાલાલ કસ્તુરચંદ | ,, |
| ૫ | ,, | મણીલાલ મોતીચંદ | ,, |
| ૫ | ,, | કેશવલાલ છગનલાલ | ,, |

| | | | |
|---|---|---|---|
| ૫ | ,, | ફુલચંદ મોતીચંદ | પુના લસ્કર |
| ૫ | ,, | માણેકચંદ ગોકલદાસ | ,, |
| ૫ | ,, | ચીમનલાલ વાડીલાલ | ,, |
| ૫ | ,, | ચીમનલાલ લલ્લુભાઇ | ,, |
| ૫ | ,, | ભુરાલાલ સોમચંદ | ,, |
| ૫ | ,, | અમીચંદ ઊજમ | એવત |
| ૫ | ,, | ખેમચંદ ઊગરચંદ | ,, |
| ૫ | ,, | મગનલાલ હુકમચંદ | ,, |
| ૫ | ,, | દલીચદ સંભુદાસ | ,, |
| ૫ | ,, | સરૂપચંદ રંગજી | કોલવણ |
| ૫ | ,, | રતનચંદ નાગરદાસ | ,, |
| ૫ | ,, | કેવલદાસ લખમીચંદ | તલેગામ |
| ૫ | ,, | ખેમચંદ જેઠીરામ | ,, |
| ૫ | ,, | કંકુચંદ લાલચંદ | વાફગામ |
| ૫ | ,, | જેઠીરામ પરસોતમદાસ | ,, |
| ૫ | ,, | ગોતમભાઇ બાલચંદ | માણસા |
| ૫ | ,, | રાવજીભાઇ જયચંદ | પીપળવંડી |
| ૫ | ,, | મયાચંદ નથુભાઇ | ખડકવાસલા |
| ૫ | ,, | નગીનદાસ સાંતીદાસ | દેવઆળંદી |
| ૫ | ,, | નગીનદાસ ચકુભાઇ | મેઊ |
| ૫ | ,, | ચુનીલાલ ગણેસદાસ | મેસાણા |
| ૫ | ,, | છગનલાલ હાથીભાઇ | સરદાપર |
| ૫ | ,, | ત્રીભોવનદાસ સાંકલચંદ | મલઠણ |
| ૫ | ,, | દેવચંદ મુલચંદ | અહમદનગર |

| | | | |
|---|---|---|---|
| ૫ | ,, | નાનચંદ ગુલાબચંદ | વીરમગામ |
| ૫ | ,, | ઊમેદદાસ લાલચંદ | ઘાયરી |
| ૫ | ,, | વીઠલદાસ ભગવંનદાસ | લોણી |
| ૫ | ,, | માણેકચંદ પરસોતમ | ઊરલી |
| ૫ | ,, | પીતાંબરદાસ છગનલાલ | કંરજગામ |
| ૫ | ,, | ફુલચદ ગુલાબચંદ | પાચોટ |
| ૫ | ,, | ચુનીલાલ સરૂપચંદ | સામેત્રા |

૮૭૫

## અગાઊથી આશ્રય આપનારાઓનાં નામ.

સા૦ કસ્તુરચંદ વાડીલાલ.

સા૦ મોહનલાલ મગનલાલ.

સા૦ વાડીલાલ હુકમચંદ.

સા૦ વાડીલાલ ખુસાલચંદ.